Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

# श्री आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४. वैशाख आत्म सं. ३२. | अंक १० मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| | | | |
|---|---|---|---|
| ૧ પશ્ચાત્તાપ. | ૨૩૭ | ૭ રેખાસૂત્રો. | ૨૪૯ |
| ૨ ઐશ્વર્યનાં ઓજસ્ માટે. | ૨૩૮ | ૮ સુજનતા અને સુસ્વભાવ. | ૨૫૧ |
| ૩ શ્રી તીર્થંકર ચરિત્ર. | ૨૩૯ | ૯ જૈન ધર્મ. | ૨૫૫ |
| ૪ મનુષ્ય કર્તવ્ય. | ૨૪૨ | ૧૦ વર્તમાન સમાચાર. | ૨૫૮ |
| ૫ જૈન દૃષ્ટિએ વિજ્ઞાન યુગ. | ૨૪૩ | ૧૧ સ્વીકાર અને સમાલોચના. | ૨૬૦ |
| ૬ ગૌતમપ્રભુનું ખરૂં આત્મસમર્પણ. | ૨૪૬ | | |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર સુચના.

ચાલતા આત્માનંદ પ્રકાશ પુસ્તક ૨૫ મા તથા હવે પછીના પુસ્તક ૨૬ મા ની–બંને વર્ષની ચાલુ નિયમ અને ધોરણ પ્રમાણે ભેટની બુક છપાય છે; જેની હકીકત આવતા માસના અંકમાં આપવામાં આવશે, જેથી અમારા સુજ્ઞ ગ્રાહકોને નિવેદન કરવાનું કે પ્રથમથી જ બે વર્ષનું લવાજમ મોકલી આપવાથી વી. પી. ના પૈસાનો ગ્રાહકોને બચાવ થાય છે તેથી લવાજમ મોકલી આપવા નમ્ર સુચના છે. ભેટની બુક તૈયાર થયે દરેક ગ્રાહકોને વી. પી. થી ભેટ મોકલવામાં આવશે. જેથી તે દરમ્યાન વી. પી. નહિં સ્વીકારવાની જેમની ઇચ્છા હોય તેઓએ અમોને પ્રથમથી જ લખી જણાવવા તસ્દી લેવી.

## અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથો છપાય છે.

| | |
|---|---|
| ૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) | ૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર ) |
| ૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,, | ૫ શ્રી મહાવીર ચરિત્ર ,, |
| ૩ ऐन्द्र स्तुति ( संस्कृत ) | ૬ श्री वसुदेव हींडी प्राकृत |
| ૭ विलासवईकहा अपभ्रंश छाया साथे | |

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. નંબર ૧–૪–૫ ના ગ્રંથોમાં સહાયની આવશ્યકતા છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

### નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ અંબાલાલ લાલભાઇ મગનલાલ ઝવેરી. પે. વ. લા. મે.— અમદાવાદ
૨ શા. છોટાલાલ ગીરધરલાલ દામજી. બી. વ. લા. મે.—ભાવનગર-હાલ ઘાટકોપર–મુંબઇ
૩ શ્રી વૃદ્ધિવિજયામૃત જૈન પુસ્તકાલય ,, અમરેલી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. | वीर संवत् २४५४. वैशाक. आत्म संवत् ३२. | अंक १० मो.

## પશ્ચાતાપ.

રાગ-કાફી - અમે તો આજ તમારા )

અમે તો અંત સમયમાં પસ્તાઇ છી યાર! ( ૨ )
બાળપણું રમ્મતમાં કાઢયું, ગમ્મત કીધી અપાર,
ધર્મના મર્મને સ્હેજે સમજવા, કીધો નહિરે વિચાર. અમે તો.
યૌવનમાં ધન-રમણી-વશથી, તનની કીધી બહુ સાર,
જંજાળ ઝાઝી શિરપર વ્હોરી, ખેલ્યાં વિવિધ પ્રકાર. અમે તો.
પુદ્ગલ પોષી આનંદ માન્યો, માન્યો એ સાચો વ્યવહાર,
વ્યાધિ વધી પુદ્ગલમાં જ્યારે, લાગ્યો સંસાર અસાર. અમે તો.
વૃદ્ધપણામાં શિથીલજ બનતાં, શક્તિ ન રહીરે લગાર,
ધર્મ સાધના કાંઇ ન થાતાં, અફળ કર્યો અવતાર. અમે તો.
પસ્તાવો એ માટે અમને, થાય છે પારાવાર,
દશા નિહાળી અમ દુઃખીયાની, ચેતજો સહુ નરનાર. અમે તો.
વીર-ધર્મ-નર-દેહ હે મનસુખ ! મળશે ન વારંવાર,
ધર્મ કરો હજુ સમજી મનથી "જાગ્યા ત્યાંથી સવાર." અમે તો.

મનસુખલાલ ડાહ્માભાઈ, શાહ-વઢવાણ કેમ્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઐશ્વર્યના ઓજસ્ માટે.

ગઝલ.

આનંદ ઘન અવની પરે, આનંદ રસ રેલાવજો,
અમ આત્મ છે અવધિ અમુલખ, એવું ભાન કરાવજો;
અંતર વિષે અભિમાનના, અજ્ઞાનને અટકાવજો,
ઐશ્વર્યના ઓજસ્ તણા, આનંદ કિરણ આપજો. ૧

આવેશ છે અજ્ઞાનના ત્યાં, જ્ઞાન ચક્ષુ સ્થાપજો,
જ્ઞાન દીપ દેખાડીને, દર્શન દયાળુ આપજો;
ચારિત્ર ઝાંખી જેહની, તારે તપોબળ તેજથી,
ઐશ્વર્યના ઓજસ્ તણા, આનંદ કિરણ આપજો. ૨

જ્ઞાન દાન સુપાત્રથી, સારાસાર શીખાવજો,
શીલ તણા સંસારને, અટવી મહીંથી કાઢજો;
તપ અને ભાવે થકી, ધ્યાવું હંમેશા એટલું,
ઐશ્વર્યના ઓજસ્ તણા, આનંદ કિરણ આપજો. ૩

આપજો સુખ સંપતિ જેહ, ના તુટે ત્રણ કાળમાં,
સુખ હો, વા દુઃખ, હોયે, ભાન લેશ ન ભાળતા.
ઐહિક આનંદ મેળવ્યો, ના સાર એ અનંતના,
ઐશ્વર્યના ઓજસ્ તણા, આનંદ કિરણ આપજો. ૪

અંધ આશે આથડયો બહુ, શાંતિ સાગર પામવા,
પામવું પરવશ પડયું, લપટયો પંચેંદ્રિ પાશમાં;
ભાન થાયે એટલું કે, આત્મ કિરણ અચળ છે,
ઐશ્વર્યના ઓજસ્ તણા, આનંદ કિરણ આપજો. ૫

લાલચંદ જયચંદ વોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગમાં નિરૂપણ કરેલ
# તીર્થંકર ચરિત્ર.

ગતાંક પૃષ્ટ ૨૧૯ થી શરૂ.

આ ચોવીશ તીર્થંકરોની ચોવીશ **શિબિકાઓ** હતી. તેનાં નામ–સુદર્શના, સુપ્રભા, સિદ્ધાર્થા, સુપ્રસિદ્ધા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજીતા, અરૂણપ્રભા, ચંદ્રપ્રભા, સુરપ્રભા, અગ્નિપ્રભા, વિમલા, પંચવર્ણા, સાગરદત્તા, નાગદત્તા, અભયંકરા, નિવૃતિકરા, મનોરમા, મનોહરા, દેવકુરા, ઉતરકુરા, વિશાલા અને **ચંદ્રપ્રભા** દરેક સર્વ જગત્વત્સલ, જીનવરેન્દ્રોને સર્વઋતુમાં સુખ આપનાર છાયા વાળી શિબિકાઓ હોય છે, આ શિબિકાઓને પ્રથમ હર્ષિત રોમવાળા મનુષ્યો ઉપાડે છે ત્યાર પછી અસુરેંદ્રો, દેવેંદ્રો અને નાગેંદ્રો ઉપાડે છે. જેઓ ( અસુરેંદ્ર વિગેરે ) ચલચપલ કુંડલવાળા હોય છે, પોતાની રૂચિ પ્રમાણે વિકુર્વેલ આભરણ વાળા હોય છે, અને દેવો તથા અસુરોથી વંદન કરાતા જીનવરની શિબિકાને વહે છે. તેમાં પૂર્વ તરફ દેવો, દક્ષિણ બાજુ નાગકુમારો, પશ્ચિમ તરફ અસુરો અને ઉત્તર તરફ સુપર્ણ કુમારો રહી શિબિકાને વહે છે. ( ગાથા. ૧૫ થી ૨૧ )

ઋષભદેવ ભગવાન વિનીતાથી, અરિષ્ટનેમિ દ્વારિકાથી અને બાકીના તીર્થંકરો પોત પોતાની જન્મ ભૂમિથી ( દિક્ષા માટે ) નીકળ્યા હતા. (ગાથા. ૨૨)

સર્વતીર્થંકરો એક વસ્ત્રથી નીકળ્યા હતા. ( વિગેરે ગાથા. ૨૩ )

ભગવાન્ મહાવીર એકાકી દિક્ષિત થયા. ( પાર્શ્વ વિગેરેનો પરિવાર ( ગાથા. ૨૪ )

તીર્થંકરો સાથે દિક્ષા લેનારા રાજાઓ ઉગ્રભોગ અને રાજન્ય કુળના હતા. ( શેષ કુળો અને સંખ્યા. ગાથા. ૨૫ )

સુમતિનાથ ભગવાને વગર ઉપવાસે દિક્ષા લીધી. ( શેષ તીર્થંકરની તપસ્યા ગાથા. ૨૬ )

આ ચોવીશે તીર્થંકરોને પ્રથમ ભિક્ષા આપનાર ચોવીશ પુરૂષો હતા તેનાં નામ–શ્રેયાંસ, બ્રહ્મદત્ત, સુરેન્દ્રદત્ત, ઇંદ્રદત્ત, પદ્મ, સોમદેવ, માહેંદ્ર, સોમદત્ત, પુષ્ય, પુનવસૂ, પુર્ણચંદ્ર, સુનંદ, જય, વિજય, ધર્મસિંહ, સુમિત્ર, વર્ગસિંહ, અપરાજીત, વિશ્વસેન, ઋષભસેન, દત્ત, વરદત્ત, ધન, અને બહુલ, આ દરેક વિશુદ્ધ લેશ્યાવાળા હતા, જીનવરની ભકિતમાં અંજલિપુટવાળા હતા, જેઓએ તે કાળ અને તે સમયને વિષે જીનેશ્વરને ભિક્ષા આપી છે. ( ગાથા. ૨૭–૨૮–૨૯ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋષભદેવ ભગવાનને એક વર્ષે ભિક્ષા મળી ( શેષ તીર્થંકરોનો ભિક્ષા કાળ અન્ન આહારનો પદાર્થ. ગાથા. ૩૦-૩૧ )

જ્યાં સર્વ તીર્થંકરોને પહેલી ભિક્ષા મળી ત્યાં પુરૂષ પ્રમાણ ધન વૃષ્ટિ થઇ હતી. ગાથા. ૩૨ )

આ ચોવીશે તીર્થંકરોને ચોવીશ ચૈત્ય (જ્ઞાન) વૃક્ષો હતા. તેનાં નામ વડ, સપ્તપર્ણ, શાલ, પ્રિયાલ, પ્રિયંગુ, છત્ર, શિરિષ, નાગ; માલી, (શાલી) પ્રિયગું, તિંદુક, પાડલ, જાંબુડો, અશોક, દધિપર્ણ, નંદી, તિલક, આંબો, અશોક, ચંપક, બકુલ, વેતસ, ધાતકી અને શાલ, * ૧૬ ( ગાથા. ૩૩-૩૪-૩૫ )

શાલવૃક્ષથી ઢંકાએલ સર્વ ઋતુમાં ફળનાર અશોક વૃક્ષ, નામે જે (સમવસરણનું ) ચૈત્ય વૃક્ષ હોય છે, તે મહાવીર પ્રભુને બત્રિશ ધનુષ્યનું હોય છે. ઋષભદેવ ભગવાનનું ચૈત્ય વૃક્ષ ત્રણ ગાઉનું હોય છે. અને બાકીના તીર્થંકરોનું ચૈત્ય વૃક્ષો દેહમાનથી બારગણા પ્રમાણવાળાં હોય છે. આ જીનવરોના ચૈત્ય વૃક્ષો દેવો, અસુરો અને સુપર્ણ કુમારોથી પૂજીત હોય છે, તથા છત્ર પતાકા વેદિકા અને તોરણોથી યુકત હોય છે. ( ગાથા. ૩૬-૩૭-૩૮ )

આ ચોવીશ તીર્થંકરોને ચોવીશ **શિષ્યો** મુખ્ય હતા. તેનાં નામો ઋષભસેન, (પુંડરિક) સિંહસેન, ચારૂ, વજ્રનાભ, ચમર, સુવ્રત, વિદર્ભ, દત્ત, વરાહ, આનંદ, ગોસ્તુભ, સુધર્મા, મંદર, યશ, અરિષ્ટ, ચક્રાયુધ, સ્વયંભૂ કુંભ, ઈંદ્ર, શુભ, વરદત્ત, દત્ત, અને ઈંદ્રભૂતિ, તીર્થપ્રવર્તક જીનવરોના પ્રથમ શિષ્યો અતિઉન્નત કુલવંશવાળા વિશુદ્ધ વંશવાળા અને ગુણવાન હોય છે. ( ગાથા ૩૯-૪૦-૪૧)

આ ચોવીશ તીર્થંકરોની મુખ્ય **શિષ્યાઓ** ચોવીશ હતી, તેનાં નામો— બ્રાહ્મી, ફલ્ગુ, શામા, અજીત, કાશ્યપી, રતિ, સોમા, સુમના, વારૂણી, સુલસા, ધારણી, ધરણી, ધરણીધરા, પદમા-શિવા, શુચિ, અંમૂઆ, રક્ષિકા, બંધુમતિ, પુષ્પમતિ, અમિલા, અધિકા, યક્ષદિન્ના, પુષ્પચુલા અને ચંદનબાલા તીર્થપ્રવર્તનહાર તીર્થંકરોની આ પ્રથમ શિષ્યાઓ અતિ ઉન્નતકુલ વંશવાળી વિશુદ્ધ વંશવાળી, અને ગુણવાન હોય છે. ( ગાથા ૪૨-૪૩-૪૪ )

૧૫૮-બાર ચક્રવર્તિ અને નવવાસુદેવોનો અધિકાર ( ગાથા ૪૫ થી ૬૫ )

૧૫૯-તીર્થંકરો.

જંબુદ્વીપના **ઐરવત** ક્ષેત્રમાં આ અવસાર્પિણી કાળમાં **ચોવીશ** તીર્થંકરો થયા. તે આ પ્રમાણે ચંદ્રાનન, સુચંદ્ર, અગ્નિસેન, નંદિસેન ( આત્મસેન )

* ૧૬ અન્યસ્થાને ચૈત્યવૃક્ષો માટે કાંઇક નામાંતરો પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋષિદત્ત, વર્તધારિ, અને સોમચંદ્રને વંદન કરૂં છું. યુક્તિસેન, ( દીર્ઘબાહુ કે દીર્ઘસેન ) અજીતસેન ( શતાયુત ) શિવસેન ( સત્યસેન કે સત્યકિ ) બુદ્ધ દેવશર્માને અને નિઃક્ષિપ્તશસ્ત્ર ( શ્રેયાંસ ) ને વંદન કરૂં છું. જીવનવૃષભ-અસંજવલ ( સ્વયંજલ ) અમિતજ્ઞાની અનન્તક ( સિંહસેન ) રજરહિત ઉપશાન્તને અને ગુપ્તિસેનને વંદન કરૂં છું. અતિપાર્શ્વ, સુપાર્શ્વ, દેવોદ્રોંથી વંદાએલા, મરૂદેવ, મોક્ષેલગએલધર, ક્ષિણુદુઃખ શ્યામકોષ્ટને [ વંદન કરૂં છું ] વીતરાગ અગ્નિસેન (મહાસેન ) વિતરાગ અગ્નિ પુત્રને અને રાગદ્વેષ રહિત તથા મોક્ષે ગયેલા વારિષેણુને વંદન કરૂં છું. ( ગાથા ૬૬ થી ૭૦ )

જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં આવતા ઉત્સર્પિણી કાળમાં સાત **કુલકરો થશે.** તેના નામો-મૃગવાહન, સુભૂમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સુક્ષ્મ અને સુબન્ધુ ભવિષ્યમાં થશે. ( ગાથા-૭૧ )

જંબુદ્વીપના **ઐરવત** ક્ષેત્રમાં આવતા ઉત્સર્પિણીકાળમાં દશ કુલકરો **થશે.** તેનાં નામો-વિમલવાહન, સીમંકર, શ્રીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, દૃઢધનુ, દશધનુ, શતધનુ પ્રતિશુચિ અને સુમતિ.

જંબુદ્વીપના **ભરત**ક્ષેત્રમાં આગામી, ઉત્સર્પિણીકાળમાં **ચોવીશ તીર્થંકરો** થશે તેનાં નામ-મહાપદ્મ, સુરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, સર્વાનુભૂતિ, દેવશ્રુત, ઉદય, પેઢાલપુત્ર, પોટ્ટિલ, શતકીર્તિ, સર્વભાવને જાણનાર અરિહંત મુનિસુવ્રત, અમમ, નિષ્કષાય, નિષ્પુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ, સંવર, અનિવૃત્તિ, વિજય, વિમલ, દેવોપપાત, અનંત અને વિજય આ ચોવિશ તીર્થંકરો કહ્યા છે. તેઓ ભરતક્ષેત્રમાં ભવિષ્યકાલમાં કેવલી થઇ ધર્મ-તીર્થને પ્રવર્તાવશે. ( ગાથા ૭૨ થી ૭૬ )

આ ચોવીશ તીર્થંકરોના પૂર્વભવના ચોવિશ નામો હશે તે આ પ્રમાણે— શ્રેણિક, સુપાર્શ્વ, ઉદય, પોટ્ટિલ, દૃઢાયુ, કાર્તિક, શંખ, નંદ, સુનંદ, શતક, દેવકી, સત્યકી, વાસુદેવ, બળદેવ, રોહિણી, સુલસા, રેવતી, શતાલી, ભયાલી, વૈપાયન, કૃષ્ણ, નારદ, અંબડ, દારૂમડ અને સ્વાતિબુદ્ધ એ ભાવિ તીર્થંકરોના પૂર્વભવના નામો જાણવા. ( ગાથા ૭૭ થી ૮૦ )

આ ચોવીશ તીર્થંકરોના ચોવીશ પિતા થશે, ચોવીશ માતા થશે. ચોવીશ મુખ્ય શિષ્યો થશે, ચોવીશ મુખ્ય શિષ્યાઓ થશે, ચોવીશ પ્રથમ ભિક્ષાદાતાઓ થશે અને ચોવીશ ચૈત્યવૃક્ષો થશે.

ભરતક્ષેત્રના ભાવિ ચક્રવર્તી અને વાસુદેવાદિનો અધિકાર (ગાથા ૮૧થી૮૬)

* ૧૭ અહીં ચક્રવર્તી અને વાસુદેવના અધિકારો વિશાળ હોવાથી તેના અર્થો પણ આપ્યા નથી માત્ર સૂત્ર ૧૫૬ સુધીમાં આવેલ ચક્રવર્તિ વાસુદેવના છુટક અધિકારો આપ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંબુદ્વીપના **ઐરવત**ક્ષેત્રમાં ભાવી ઉત્સર્પિણીકાળમાં ચોવીશ **તીર્થંકરો** થશે તેનાં નામો—સુમંગલ, સિદ્ધાર્થ, નિર્વાણ, મહાયશા, ધર્મધ્વજ, શ્રીચંદ, પુષ્પકેતુ, મહાચંદ્ર, શ્રુતસાગર, સિદ્ધાર્થ, પુર્ણઘોષ, મહાઘોષ, સત્યસેન, સુરસેન, મહાસેન, સર્વાનંદ, દેવપુત્ર, સુપાર્શ્વ, સુવ્રત, સુકોશલ, અનંત વિજય, વિમલોત્તર, મહાબલ, અને દેવાનંદ, ભવિષ્યકાળમાં થશે. આ ચોવિશ તીર્થંકર કહ્યા છે તે ભવિષ્યકાળમાં ઐરાવત ક્ષેત્રમાં કેવળી થઇને ધર્મ પ્રવર્તાવશે. ( ગાથા ૮૭ થી ૯૩ )

ઐરવતક્ષેત્રના ભાવી ચક્રવર્તિ અને વાસુદેવ વિગેરેનો અધિકાર. ૧૫૯ તીર્થંકરવંશ, ચક્રવર્તિવંશ, ગણધરવંશ, ઋષિવંશ, યતિવંશ અને મુનિવંશથી પ્રાપ્ત થયેલ શ્રુતાંગ એક સ્કંધવાળું સમવાયાંગ સૂત્ર સમાપ્ત. ( ચાલુ ).

## 'મનુષ્ય કર્તવ્ય.'

( રાગ–કવાલી. )

જગતમાં જન્મ પામીને, જનનીની કૂખ શોભાવી,
સફળ જીવન કરી લેવું, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
બતાવી વીરતા જગને, કરી જીવન તણી કીંમત,
સદા શુભ કાર્ય આદરવું, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
બુરૂં ના કોઇનું કરતાં, દુઃખીને દુઃખ ના દેતાં,
જગતનું હીત કેળવવું, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
તજી આળસ ગણી દુશ્મન, ન ખોટી પળ કદી ખોતાં;
જીવન ઉદ્યમ સદા કરવો, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
હૃદયના સ્નેહીની ખાતર, ન પરવા પ્રાણની કરતાં,
મદદ સંકટ મહી કરવી, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
દુઃખી આ જીંદગી જાણી, ડરી ના તેહથી જાતાં,
હઠાવી હીંમતે દુઃખો, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
લુંટારો સ્વાર્થ છે સમજી, તિલાંજલી તેહને આપી,
સદા પરમાર્થમાં પળવું, મનુષ્ય કર્તવ્ય એ સાચું.
વિનય વિવેકથી સીંચી, હૃદય નિર્મળ સદા રાખી,
પરમાનંદ અનુભવવો, મનુષ્ય કર્તવ્ય એ સાચું.

**વાડીલાલ જીવાભાઇ ચોકસી.**
ખંભાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન દૃષ્ટિએ વિજ્ઞાનયુગ.

*( અનુસંધાન અંક ૮ માના પાના ૨૦૩ થી. )

જૈન દર્શનમાં બ્રહ્મચર્ય જેવા જીવનના અતિ ઉપયોગી વિષયને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે તે દૈવિ સંપત્તિ વિભૂષિત વિષય છે. માનુસિક ઉત્ક્રાંતિમાં તેના જેવો અગત્યનો કોઇ વિષય સ્થાન ભોગવતો નથી. જીવનના ઉત્કર્ષ અર્થે માનુસિક ઉત્ક્રાંતિનું અંતિમ ધ્યેય મોક્ષ છે, જેની પ્રાપ્તિ અર્થે જૈન ધર્મમાં પંચ-મહાવ્રતની ઉદ્દઘોષણા કરી છે. જેમાંનું એક અતિ ઉપયોગી વ્રત છે. તેના નૈસર્ગિક, નૈષ્ટિક વિગેરે ઘણા ભેદો પ્રભેદો વિસ્તારપૂર્વક જૈનાચાર્યો લેખિત પુસ્તકોમાં વર્ણવ્યા છે. તેના પરિશીલનથી અદ્વિતીય અને અગમ્ય તેમજ નવે નિધાન જેમ પ્રગટ થાય છે તેમ તેમના અભાવે અગણ્ય નુકશાનો પ્રભવે છે, તે વિગેરેનું સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપ બુદ્ધિગમ્ય અને જ્ઞાનગમ્ય અવલોકવામાં આવે છે. તેમ કૈવલ્ય દૃષ્ટિએ પણ તેનું સુક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપ પણ વીતરાગ પ્રભુએ કહેલું છે. તે નીચેના દૃષ્ટાંતથી અવલોકવામાં આવશે.

જૈન દૃષ્ટિ કહે છે કે મનુષ્યના એક વખતના સંભોગમાં નવ લાખ જીવક બીજની ( જીવોની ) હાનિ થાય છે. રૂની પુણીમાં લોખંડનો ધગધગતો તપાવેલો સળીઓ નાખવાથી જેમ રૂનો નાશ થાય છે તેમ એક વખતના સંભોગમાં ઉપર લખેલા સૂક્ષ્મ જીવક બીજની ( જીવોની ) હાનિ થાય છે. આ વાતના સમર્થનમાં હાલનું વિજ્ઞાનશાસ્ત્ર શું કહે છે તે અવલોકીએ.

---

* બ્રહ્મચર્યનો વિષય માનુષિક જીવનમાં મુખ્યત્વપણે ભાગ ભજવી રહ્યો છે. તેની ઉન્નતિ પર જીવનના ઉચ્ચ આદર્શોનો આધાર છે. માનવદશાને ઓળખાવનારૂં પણ તે વ્રત છે. માટે તેના સંબંધમાં અજવાળું પાડવું એ સમાજના નેતાઓની અને વિદ્વાનોની અત્યારે પ્રથમમાં પ્રથમ ફરજ આવી લાગેલી છે. તેના અભાવે ભારતવર્ષ અધ:પતન પામ્યું છે. અને હજી પણ જો તે બાબતનું આધુનીક પ્રજાને જ્ઞાન નહિ મળે તો છેવટે તે અધમાધમ સ્થિતિને પ્રાપ્ત થશે.

શરીર જેમ નાક વિના શોભતું નથી તેમ તેના વિના મનુષ્ય દેહ શોભતો નથી. વીર્ય—શુક્ર એ શરીરનો રાજા છે. અને તેની જેમ પ્રબળતા તેમ શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક શક્તિઓની પ્રબળતા હોઇ શકે છે.

શેરડી ચાવવાથી જેમ પાછળ કુચા રહે છે, વલોણામાં માખણ જુદું પડતાં જેમ અંતે છાશ રહે છે, તેવીજ રીતે વીર્ય પતન થતાં તે વખતે તેવી મનુષ્યની સ્થિતિ થઇ રહે છે તેથી કરીને તેના લોલુપપણામાં મનુષ્ય હૈયાનું હીર, આંખનું તેજ અને મુખનું લાવણ્ય ગુમાવે છે, માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમેરિકાથી પ્રગટ થતા ફીઝીકલ કલચરના ૧૯૨૮ ના ફેબ્રુઆરીના અંકમાં ૮૬ મે પાને નીચે પ્રમાણે તે માટેનું લખાણ છે.

It is estimated that a vigorous healthy man, leading a moral life, develops from *one to two million Spermotoza at a time.*

એવી ગણત્રી કરવામાં આવી છે કે નિયમિત જીવન ગાળનારા તંદુરસ્ત માણસના વીર્યમાં એકી વખતે ૧૦ થી ૨૦ લાખ સ્પર્મોટોઝા ( મનુષ્યના જીવબીજ ) પેદા થાય છે.

આ ઉપરથી જોઇ શકાય છે કે એકી વખતના સંભોગમાં ૧૦ થી ૨૦ લાખ જીવોનો સંહાર થાય છે.

આથી જૈન દષ્ટિએ સર્વજ્ઞકથિત છે તે તરી આવે છે. આધુનિક સમયની માફક પ્રથમ અલખયોગિ મહાન પ્રભુ પાસે કંઇ સૂક્ષ્મદર્શક યંત્રો વિગેરે સાધનો ન હતા, તેમ તેઓ દુન્યવી માયાથી તદ્દન નિસ્પૃહી અને નિસ્પરિગ્રહી હતા, જેથી તેમની સર્વજ્ઞ દષ્ટિએ ભાખેલા સિદ્ધાંતો છે. જે અત્યારે વિજ્ઞાનદષ્ટિએ પણ સિદ્ધ થઇ શકે છે.

ગત લેખમાં બટાટાની અંદર ચરબીની વાત હું આગળ જણાવી ગયો છું. તેના સમર્થનમાં હમણા ફીઝીકલ કલચરમાં નીચે પ્રમાણે ઉલ્લેખ વાંચવામાં

---

તેનું જ્ઞાન ફેલાવવાની અતિ આવશ્યકતા છે. ફાવે તેવા ચારિત્રધારી યા વિદ્વાન હોય પરંતુ તેમાં તેનો જો અભાવ હોય તો તે વ્યકિત સુગંધ વિનાના પુષ્પ જેવી છે. પુષ્પ સુગંધ વિનાનું હોવાથી પોતે સુવાસિત હોતું નથી, તેમ જગતને પણ તેની સુગંધ આપતું નથી તેમ જે બ્રહ્મચર્ય ભ્રષ્ટ છે તે જગતને પુરતો લાભ આપી શકતો નથી, તેના વચનનું બળ હોતું નથી અને તેની પ્રતિભાનો વિલય થાય છે.

બ્રહ્મચર્ય એ એવી શકિત છે કે જેનામાં તેનો સદ્દભાવ છે તેનું દેવો ચરણ સેવન કરે છે. જગતમાં જે સઘળી રિદ્ધિ, સિદ્ધિઓ, આંદોલન શકિતઓ છે તે સઘળું તેના સદ્દભાવે હોઇ શકે છે. મહાસતી સીતાજીએ અગ્નીમાં ધીજ કર્યું અને અગ્નિ પાણી રૂપે થઇ, સુદર્શન શેઠને સુળીને બદલે સોનાનું સિંહાસન થયું, મહાસતી દ્રૌપદીની ભર સભા વચ્ચે લાજ રહી, આ બધું શું સુચવે છે ? આ વ્રતનું જેવું મહાન્ ફળ છે તેવુંજ તેના અભાવે મહાન નુકશાન પણ છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે " અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદી સફળ ન થાય " માટે આ બાબતનું વિશિષ્ટ પ્રકારે જ્ઞાન આધુનિક પ્રજાને આપવાની અતિ આવશ્યકતા છે.

બાળકો યા બાળકીઓએ ઓછામાં ઓછું ૨૦ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું જોઇએ. કારણકે આપણામાં સાધારણ એવી ઉકિત છે કે " સોળે સાન અને વીસે વાન " એટલે ૨૦ વર્ષ સુધીમાં શરીરના તમામ સ્નાયુઓ વીર્યના સંરક્ષણથી મજબુત વિસ્તીર્ણ અને વિકસ્વર થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો છે જેનું આ નીચે અવતરણ કર્યું છે. સબબ કે :જે કંદમૂળ ભક્ષી હોય અને ચરબીના રોગવાળો હોય તો તેના નિવારણ અર્થે પણ જરૂરનો ધારી આ સ્થળે તેનો ઉલ્લેખ કર્યો છે.

Mr. L. M. Hainer writes in " Physical Culture " of February 1928 :—

In my case, I discovered that by eliminating from my meals white bread and potatoes, I could take off the excess fat which was slowing me up.

" ફીઝીકલ કલચર " માં મી. એલ. એમ હેનર લખે છે કે:—

ખોરાકમાંથી મેંદાની રોટી અને બટાટાનો ત્યાગ કરવાથી હું મારી વધારાની ચરબી દૂર કરી શકયો કે જે મારા ઉપર ભારભૂત હતી અને મારા દરેક કાર્યમાં મંદતા આણતી હતી.

આ ઉપરથી જૈન દર્શન કંદમૂળમાં અત્યંત જીવાત રહેલી છે એવું જે કથે છે તેની સત્યતા પૂરવાર થઈ શકે છે. અપૂર્ણ.

પાલીતાણા

**શંકરલાલ ડી. કાપડીઆ, સુપ્રિન્ટેન્ડેન્ટ જૈન ગુરૂકુલ.**

---

ઝાડને જીવન રસ મળવાથી જેમ ફાલે છે, ફુલે છે અને ફળે છે તેવી રીતે ૨૦ વર્ષ સુધી બ્રહ્મચર્યનું રક્ષણ કરવાથી મનુષ્યના શારીરિક અંગોપાંગો વિસ્તૃત અને વિકસ્વર થાય છે. અને તેની પ્રજા પણ મજબુત અને પ્રતિભાશાળી થાય છે. બ્રહ્મચર્ય વિષે બોલતાં એક વખત લાલા લજપતરાયે એમ જણાવ્યું હતું કે જો દરેક પ્રેસીડન્સીમાં એક એક પૂર્ણ બ્રહ્મચારી પેદા થાય તો ભારતનો જલદી ઉદ્ધાર થાય. આવી રીતે બ્રહ્મચર્ય એ અદ્‌ભુત શક્તિ. ઐશ્વર્ય અને પ્રતિભાવાળું છે. માટે તેનું જ્ઞાન આધુનિક ઉગતી પ્રજાને દેશના વિદ્વદ્ રત્નોએ આપવાની અનિવાર્ય જરૂર છે.

અમરેલી દ્વિતીય છાત્રાલય સંમેલન વખતે સંમેલનના સંચાલકોએ આ સંબંધી જ્ઞાનનો પ્રચાર કરવાને માટે, જાતીય પ્રશ્નને ઘણાજ વિધ વિધ પ્રકારમાં ચર્ચ્યો હતો અને પરિણામે તેનું જ્ઞાન આપવું, ઉગતી પ્રજાને અતિ આવશ્યક ભરેલું છે તેવો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. અમારા સમાજના નેતાઓ અને પ્રખર વિદ્વાનોને આ વિષય પરત્વે જેમ બને તેમ વિશેષ અજવાળું પાડવાની વિનંતિ કરીએ છીએ. તેમજ શાળાના અધ્યાપકો અને શિક્ષણ શાસ્ત્રીઓએ પણ આનું અનુકરણ કરવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દિવ્ય કર્મ યોગી

# ગૌતમ પ્રભુનું ખરૂં આત્મ સમર્પણ.

**દોશી નાનચંદ ઓધવજી—નડીયાદ.**

જો તમારે દિવ્ય કર્મો કરનાર સાચા કર્મયોગી થવું હોય, તો તમારી નજર આગળ હમેશાં ગૌતમપ્રભુની પ્રતિમા રાખો. સર્વ પ્રકારની ઇચ્છા અને અહં બુદ્ધિથી સંપૂર્ણપણે તેઓ મુકત હતા. મહાવીર પ્રભુને ચરણે તેમનું સમગ્ર જીવન અર્પણ કરેલું હતું. વિશ્વભરમાં કાર્ય કરી રહેલી વીર ભગવાનની મહાશકિતના કાર્યમાં તેમનો ફાળો મુખ્ય હતો. પ્રભુના કરણ તરીકે પોતાનું સમગ્ર જીવન બનાવી દીધું હતું. પોતે જે કાર્યો કરતાં તેમાં પ્રભુની પ્રેરણા સિવાય બીજો કોઈ પણ હેતુ ન્હોતો, તેમનું એક પણ કાર્ય એવું ન્હોતું કે જે પ્રભુ પોતે જેમના આધારમાં જાગ્રત પણે તેમની મારફતે કરાવતા ન હોય. પોતાનો સ્થૂલ દેહ, પ્રાણ, ચિત્ત, મન, તથા બુદ્ધિ, પ્રભુને વ્હેલા વ્હેલા સમોવસરણમાં જોયા, ત્યારથીજ સમર્પણ કરી દીધા હતા અને જ્યાં સુધી પ્રભુ હતા ત્યાં સુધી તેમના ઉપર જણાવેલા એક પણ કરણને પોતાને માટે વાપર્યા ન્હોતા. નહિતો જેને ૨૪ કલાક પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તે આત્મા પ્રભુનો દેહ ત્યાગ કરવાનો સમય ન જાણે તેવું હોય ? પરંતુ જ્યારથી પ્રભુને પોતાનું મન અર્પણ કર્યું ત્યારથી પોતે પોતાના મનનો કોઇ પણ વખત ઉપયોગ કર્યો નથી તેની આ સાબીતિ છે. આનું નામ સાચું સમર્પણ. અત્યારે પણ દીક્ષા લેનાર શ્રાવકે પોતાના ગુરૂને આ પ્રમાણેનું સમર્પણ કરવાનું છે. ફકત આંખના પલકારાને શ્વાસોશ્વાસ ગુરૂની આજ્ઞા સિવાય લઇ શકે. બીજું બધું તેમના હુકમને આધીન, આટલું સમર્પણ હોયતોજ ગુરૂનું જ્ઞાન, તેમની શકિત પોતાને પ્રાપ્ત થાય.

જ્યાં સુધી શિષ્ય ઉપર જણાવ્યા પ્રમાણે ગુરૂજોડે સક્રિય અદ્વૈત કરી શકે નહિં ત્યાં સુધી ગુરૂની સેવા કરવા માટે જ પોતે આત્મા ધારણ કર્યો છે એવી ભાવના રાખવી જોઇએ. હું ગુરૂથી જુદો છું એવી બુદ્ધિ તમારામાં બહુ બળવાન ને ઉંડુ ઘર કરી ને બેઠી હોય અને તમે પોતે એમ અનુભવતાં હો કે હું જ કાર્યો કરૂં છું તો પણ તમારા સર્વ કાર્યો ગુરૂને ખાતરજ કરતાં શીખો. અહંકારભરી સર્વે અંગત પસંદગીઓનું તુમુલ બુમરાણ, લાભ મેળવવાની તૃષ્ણા સ્વાર્થ પ્રધાન ઇચ્છાઓની સર્વે માગણીઓ—એ બધાને તો તમારી પ્રકૃતિમાંથી જડમૂળથી ઉખેડી નાંખો. કર્મના ફળની ઇચ્છાઓનો સદંતર ત્યાગ કરો, કોઇપણ પ્રકારના બદલાની આશા રાખો નહિં, માગણીઓ કરો નહિં, ગુરૂની ઇચ્છા તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવ્ય કાર્ય–હેતુની સાર્થકતા એજ તમારા કર્મોનું પરમ ફળ, અને દિવ્ય ચૈતન્ય, શાન્તિ, શકિત અને આનંદની તમારામાં ક્રમે ક્રમે વૃદ્ધિ એજ ઉત્તમ બદલો. ખરા શિષ્યને માટે સેવા કરવાથી પ્રાપ્ત થતો પરમ આનંદ અને કર્મો વડે થતા આંતર વિકાસનો આનંદ એ બન્ને પુરતા બદલારૂપ હોય છે.

ગૌતમ પ્રભુ જેમ જેમ પ્રગતિ કરતાં ગયાં તેમ તેમ એક સમય એવો આવ્યો કે જ્યારે તેમને અનુભવ થયો કે તે પોતે કર્મોના કર્તા નથી પણ કરણ માત્ર છે. શરૂઆતમાં તેમના અંતરની ભકિતને પરિણામે મહાવીર પ્રભુ જોડેનો તેમનો સંબંધ એટલો તો ગાઢ થયો કે પ્રભુની સલાહ તથા દોરવણી મેળવવા માટે તેમને ફકત અંતઃકરણ એકાગ્ર કરી પોતાનું સર્વસ્વ તેને ચરણે સમર્પણ કરવું પડતું. પ્રભુનો આદેશ યાતો તેની પ્રેરણા સીધેસીધા મેળવી શકતા. તેમની સર્વ ક્રિયાઓનો આરંભ પ્રભુ કરતા. પ્રભુની સર્વે શકિતઓ તેનીજ થઇ જતી. તથા તેમના મન, પ્રાણ, અને શરીર સર્વે તેના કાર્યના સચેત અને આનંદપૂર્ણ કરણો થઇ જતાં. આ અદ્વૈત અને શરણાંગત ભાવની અવસ્થા કરતાં વધારે આનંદ પૂર્ણ અને સુખમય અવસ્થા બીજી કઇ હોઇ શકે ? આ અવસ્થા પ્રાપ્ત થતાંજ વિદ્યાના પાશમાં જે કલેશ અને દુઃખમય જીવન માનવ ગાળે છે તેની પેલે પાર તે જતો રહે છે અને એ પ્રમાણે અવિદ્યાથી પર થઇ પોતાનું આધ્યાત્મિક સત્ય પ્રાપ્ત કરીને તેની ઉંડી–ગહન શાંતિ અને ઉત્કર્ષ આનંદનો સાક્ષાત્કાર કરે છે.

ઉપર જણાવેલું રૂપાંતર તમારામાં થતું હોય તેટલો સમય તમારી જાતને અહંતાના વિચારોથી મુકત રાખવાની બહુજ જરૂર છે. તમારી આહુતિ અને સમપર્ણની પવિત્રતાને ડાઘ લગાડે એવી કોઇપણ માગણી યાતો આગ્રહ તમારી પ્રકૃતિમાં પ્રવેશ ન કરે તેની સંભાળ રાખો. કર્મના ઉપર યાતો તેના ફળના ઉપર કોઇપણ પ્રકારની શરતો મુકો નહિં. ગર્વ યાતો મત્સરથી ખૂબ સાવચેત રહો. તમારી શ્રદ્ધા, દિલની સગાઇ, સદ્દયતા અને અભિપ્સાની વિશુદ્ધિને નિરપેક્ષ રાખો. પ્રભુનું ચૈતન્ય તમારા અંતઃકરણની એકે એક ભૂમિકામાં સર્વત્ર પ્રસરી રહે એવું વ્યાપક થવા દયો. એ પ્રમાણે કરી શકશો તો તમારા અંતરમાં અશાન્તિ ઉત્પન્ન કરનાર સર્વે તત્ત્વો અને વિકાર ઉત્પન્ન કરનાર સર્વે વિરોધી શકિતઓ ધીમે ધીમે પ્રકૃતિમાંથી સરી પડશે. તમારા જ્ઞાન, શકિત અને કર્મ વિગેરે ખાત્રી-ભર્યાં સરળ જયોતિર્મય, અલૌકિક, સહજ, સ્ખલન રહિત થશે અને પરમાત્મ સ્વરૂપમાંથી સ્રવશે.

સર્વ પ્રકારના ભય, સંકટો અને આફતોની સામે કવચ પહેરીને દિવ્ય જીવનના યાત્રાળુ એ પોતાની યાત્રા સહી સલામત રીતે કરવી હોય તો ઉપરની સ્થિતિ પ્રાપ્ત કરવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખમાં ભગવાન–પ્રભુ–પરમાત્મા એટલે નીશ્ચયરૂપે જે આત્મા છે તે એટલે જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપરૂપે જે આત્મા છે તે એવો અર્થ લીધેલો છે,

ધ્યાતા, ધ્યેય, અને ધ્યાનપદ એ કે, ( નવાણું પ્રકારની પૂજામાંથી ) ધ્યેય પરમાત્મા–ભગવાન સ્વરૂપ.

યોગ સાધનામાં પરમાત્મા પોતે જ સાધક અને સાધના બને છે. પર–માત્માની શકિત, પોતાની જ્ઞાન જ્યોત, શકિત, ચૈતન્ય, આનંદ વિગેરે શકિતઓ વડે આધારના ઉપર કાર્ય કરે છે; અને જ્યારે આધાર પ્રભુની શકિત પ્રત્યે ખુલો થાય છે ત્યારે તે પોતે ઉપર જણાવેલી જ્ઞાન, ચૈતન્ય અને આનંદની શકિતઓ સાથે ઉતરીને સાધનાને શકય બનાવે છે–સાધનમાં પ્રગતિ થાય છે. પરંતુ જ્યાં સુધી અવિદ્યા પ્રકૃતિ સાધકમાં કાર્ય કરતી હોય ત્યાં સુધી સાધકે પોતે અંગત પ્રયત્ન કરવો જોઇએ.

સાધકે જે અંગત પ્રયત્ન કરવાનો છે તેમાં ત્રણ વસ્તુઓનો સમાવેશ થાય છે. અભિપ્સા—Aspiration—સતત, જાગૃત, અખંડ–પ્રભુ પ્રાપ્તિ માટેની અભિપ્સા રાખવી જોઇએ, મનની શકિત, હ્રુદયની શોધ, પ્રાણુની અનુમતિ અને સ્થૂલ દેહને પરમાત્માની શકિત પ્રત્યે ખુલ્લો કરવાની અને સ્થૂલ ચૈતન્યને અને પ્રકૃતિને કુંભારની માટીના જેવી નરમ જલ્દીથી ફેરફાર કરી શકાય તેવી બને, તેટલા માટે સંકલ્પ શકિત જાગૃત રહે એ અભિપ્સાના સ્વરૂપો છે.

બીજી વસ્તુ–અધોગામી–અવિદ્યા–પ્રકૃતિની ક્રિયાઓનો અસ્વીકાર છે એટલે કે મનના વિચારો, અભિપ્રાયો, તેની પસંદગીઓ, તેની ટેવો–અને તેણે પો-બાંધેલા બંધારણો અને વિચાર શ્રેણીઓનો સાધકે અસ્વીકાર કરવો જોઇએ. તેમ કરવાથી શાંત થયેલા મનમાં સત્ય જ્ઞાનની જ્યોતિનો ઉદય થઇ શકશે. પ્રાણુની અવિદ્યા પ્રકૃતિમાં રહેલી ઇચ્છાઓ, વાસનાઓ અને ઇંદ્રીઓના સંસ્પર્શો, વિકારો, સ્વાર્થ, અભિમાન, મદ, કામવાસના અને સત્યની વિરૂદ્ધ હોય તેવી સર્વ માગણીઓનો સાધકે સદંતર અસ્વીકાર કરવો જોઇએ. તેમ કરવાથી વિશાળ, શાંત બળ-વાન અને સમર્પણુ થયેલા પ્રાણુમાં ઉપરની ભુમિકાઓમાંથી સત્યની ખરી શકિત અને સત્ય આનંદનું અવતરણુ થઈ શકશે. વળી સ્થૂલ શારીરિક પ્રકૃતિમાં રહેલી મૂર્ખાઇ, શંકાશીલતા, અશ્રદ્ધા, સંકુચિતતા, દુરાગ્રહ, Pettiness પ્રમાદ, રૂપાંતર થવાની નાખુશી, તમોગુણુ વિગેરેનો ત્યાગ કરવો જોઇએ, તેમ થાય તોજ જ્ઞાનની જયોતિ, ચૈતન્ય, અને આનંદની ખરેખરી પ્રતિષ્ઠા સ્થૂલ શરીરમાં થાય અને શરીર ઉત્તરોત્તર વધારેને વધારે દિવ્ય બનતું જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજી વસ્તુ છે આત્મ સમર્પણ, પોતાની જાતનું, પોતાનું સર્વસ્વ, પોતાના ચૈતન્યની એકે એક ભૂમિકા અને પોતાની એક એક ક્રિયામાં પુરેપુરો સમર્પણ ભાવ આવવો જોઇએ. જેમ જેમ સમર્પણની ક્રિયા આગળ વધે છે તેમ તેમ સાધકને જણાય છે કે તેની પ્રગતિનો વેગ વધે છે અને વધારે વાસ્તવિક બને છે. પ્રગતિ પણ હોય છે પરંતુ જ્યાંસુધી છેક ઉપરથી નીચે–સર્વ ભૂમિકાઓ ઉપર–આત્મ સમર્પણ પરિપૂર્ણ પણે કરવામાં ન આવે ત્યાં સુધી સાધકના પ્રયત્નની જરૂરીઆત રહે છે-કાયમ રહે છે.

# રેખાસૂત્રો.

જેમ જેમ મનુષ્યને સમજુાત વધે છે તેમ તેમ તેને ફરજીયાતનો ખ્યાલ આવતો જાય છે. સુવર્ણ અને સુગન્ધ જેવો બુદ્ધિ અને સદ્‌ગુણ કોને.રમણીય નથી લાગતો ?

૨ ઉચ્ચ થનારનાં ન્હાના કે મ્હોટા સર્વ કાર્યોમાં વિલક્ષણતા જોવામાં આવે છે અને તેના કરેલા શુભ પ્રયાસોની કીર્તિ દિગન્ત વ્યાપે છે તેની સ્તુતિ કરનારની જીવનકલા સાધુ કીર્તન જેવી બને છે.

૩ દરેક મનુષ્ય અભ્યાસ, વાંચન, મનન, વર્તમાન પત્રોનો સહવાસ, વ્યાખ્યાન, લેખનની યોજના, ધાર્મિક સત્રનું પરિશીલન ચાલુ રાખવાથી ભવિષ્યમાં મહર્ષિ થઈ શકે છે.

૪ એજ્યુકેશન પામેલાઓએ સ્વસમાજની અમુક લાઇન પસંદ કરી તેને સુધારવામાં જીવન અર્પવું એ કેળવણીની સાફલ્યતા, સ્વાર્થત્યાગ એ કેળવણીનો બદલો છે.

૫ વિદ્યાર્થીએ અભ્યાસથી ઉત્તીર્ણ થયા પછી કોઇ પણ પ્રકારનો અનુભવ મેળવવા માટે એક વર્ષ સુધી તેમાં પ્રયાસ કરવો જોઇએ.

૬ આનંદ શોધી તેનો સ્વાદ લેવો, કષ્ટથી પીડિત ભૂતકાળને ભૂલી જવો ચાલુ વર્તમાનમાં સંતુષ્ટ રહેવું, આવતા ભવિષ્યને બળાત્કારે સારૂં બનાવવું એ વૃતિ આર્યચિત્તમાં નિરંતર હોવી જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ મનના તરંગો આજુબાજુના ખ્યાલોને સ્વશકિત અને આત્મબળથી દબાવવા જોઇએ.

૮ સારૂં કાર્ય કરવું, સારાની આશા રાખવી, અન્યને સ્હાયભૂત થવું, સ્વ. શકિત વડે સદુદ્યમ-સદ્વસ્તુ શુદ્ધ વિચારો અને પરાક્રમોથી આ સંસાર ભરી દેવો જોઇએ.

૯ બીજાનું હિત કરનાર સજ્જન પુરૂષ પોતાની વિપત્તિઓને દેખતો નથી. જેમ અગ્નિ વગર ભાત ચડતો નથી, તેમ બાહ્ય તપ વિના અભ્યન્તર તપ થઇ શકતું નથી.

૧૦ બુદ્ધિમાનોને બુદ્ધિજ ભૂષણ અને તર્કશકિત એ તેનો પ્રગલભ ગુણ છે, આ જેની પાસે છે તે પુરૂષ પોતાની ઠગાઇ અને અપમાનને પ્રગટ કરતા નથી.

૧૧ પુણ્યજ સર્વ જીવને શરણુ આપે છે અને એ શુભ ભાગ્યોદય થાય છે ત્યારે વિપત્તિ પણ સંપત્તિ અથવા સુખનું કારણુ બને છે તેમ પુણ્યવાનોની ઇચ્છા કોઇ દિવસ નિષ્ફલ થતી નથી.

૧૨ વિવેકી પુરૂષ સુખ અને દુઃખમાં મધ્યસ્થ ભાવ રાખે છે.

૧૩ મોક્ષની ઇચ્છા રાખનાર ભવ્ય પ્રાણીઓનો સમયપરિપકવ થવાથી સાંસારિક પ્રવૃત્તિમાં ચિત્ત ભાગ લેતું નથી.

૧૪ શુભ કાર્યમાં ઘણા વિઘ્નો આવી પડે છે છતાં ધીર પુરૂષ તે દરેક વિઘ્નો ને ઓળંગી કાર્ય સાધે છે.

૧૫ ઉપકારના બદલામાં જે મનુષ્ય અપકાર કરે છે તેના સઘળા સદ્ગુણો હોવા છતાં તે નાશ પામે છે.

૧૬ મોક્ષસોપાન લિપ્સુના મધુર વાકયો સાક્ષાત અમૃતના બિન્દુથી પણ ઉત્કૃષ્ટ કહી શકાય છે.

૧૭ સાધુ પુરૂષનું ચિત્ત સમુદ્રની પેઠે ગંભીર અને સ્થિર દેખાય છે.

૧૮ ઉદ્યોગી અને મહેનતુ મનુષ્યે અન્યના જીવનપર જીવન ગુજારવું તે ઉચિત નથી.

૧૯ મૂર્ખ અને જ્ઞાની બન્ને સંકટમાં જો ગભરાય તો જ્ઞાની મૂર્ખમાં ભેદ શો ? તેમ મૂર્ખ પુરૂષ અંતકાળે જ સજ્જનોના વચનપર વિશ્વાસ કરે છે.

૨૦ નિર્ભયપણું, શૌર્ય, ઉત્સાહ, ક્ષમાદિ પ્રૌઢ ગુણો તત્વના જાણુનારનેજ આભારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ સાંસારિક બન્ધુ તેજ કહેવાય કે સુખ દુઃખ વખતે સમાનતા ધારણ કરી તેમાં ભાગ લે.

૨૨ જેમ મનુષ્યનું ચિત્ત વિષયાદિમાં લાગેલું રહે છે તેમ શુભ ગુણો સંધ્યાના રંગની જેમ નાશ પામે છે.

૨૩ ધર્મ રૂપી દીપકજ વિપત્તિરૂપી અંધકારનો નાશ કરી શકે છે.

૨૪ રંક વા રાય પ્રત્યેક મનુષ્ય પોતાનાં પુરૂષાર્થ અને બાહુબળથીજ દરેક પ્રકારની ઝંઝીરો તોડી સ્વતંત્ર થઇ શકે છે.

૨૫ સ્વાર્થાંધ લોકો પોતાના પ્હાડ જેવા દોષોનું અવલોકન કરી શકતા નથી અને તેમના પુણ્યનો નાશ થતા પાપરૂપી સૂર્યોદય થતા વિવેક–ચક્ષુ ખુલે છે.

૨૬ પ્રિય–વ્હાલી વસ્તુનો સંયોગ સુખકારક છે અને તેજ વસ્તુનો વિયોગ થતાં દુઃખનું કારણ બને છે.

૨૭ મોહનીય કર્મ સંપૂર્ણ બીજા કર્મોની ઉત્પાદકનું મૂળ અને ધર્મ–ઉત્કૃષ્ટ કાર્યનો પાકો શત્રુ છે.

૨૮ નિજ દોષ દર્શી પુરૂષ જીવન મુકત થાય અને પુણ્ય અને પાપનો ક્ષય થાતા ઉત્કૃષ્ટ સ્થાનની પ્રાપ્તિ કરે છે.

૨૯ સાબુથી જેમ મેલું કપડું સાફ થાય છે તેમ તપસ્યાથી મનની અને વિચારની શુદ્ધિ થાય છે. (ચાલુ.)

## સુજનતા અને સુસ્વભાવ.

વિઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૨૨૩ થી શરૂ. )

પ્રત્યેક મનુષ્યને માટે દયાળુ અને પરોપકારી હોવાનું પણ પરમ આવશ્યક છે. એક મહાત્માનું કથન છે કે જે રીતે મેઘ જળ વરસાવીને પૃથ્વીને શસ્યપૂર્ણ કરે છે તેજ રીતે દયાનો વ્યવહાર પણ દુઃખી પ્રાણીઓ ઉપર કલ્યાણની વૃષ્ટિ કરીને સંસારને સુખપૂર્ણ કરે છે. દયા એક એવું સત્કાર્ય છે કે જેનું શુભ પરિણામ બંને પક્ષ ભોગવે છે. જે મનુષ્ય ઉપર દયા કરવામાં આવે છે તે તો સુખી થાય છે, પરંતુ તે સાથે જે મનુષ્ય દયા કરે છે તે પણ સુખી થાય છે. ઋગ્વેદમાં એકસ્થળે કહેવામાં આવ્યું છે કે જે મનુષ્ય બીજા ઉપર દયા નથી કરતો તેના ઉપર કોઈ પણ દયા કરતું નથી. પ્રત્યેક મનુષ્યનું એ પરમ કર્તવ્ય છે, કે તેણે કોઇ પણ મનુષ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખપૂર્ણ અવસ્થામાં જોઇને તેને યથા સાધ્ય સહાય કરવી જોઇએ અને તેનું દુઃખ દુર કરવાને પ્રયત્ન કરવો જોઇએ, સંસારમાં એવા અનેક લોકો જોવામાં આવે છે કે જેઓ સ્વભાવથી જ બીજા તરફ ઉપકાર કરવાના અને દુઃખ નિવારણ કરવાના પ્રયત્નોમાં જોડાઈ જાય છે. એ પ્રયત્નો કરવામાં તેઓને કોઇ જાતનું કષ્ટ અથવા નુકશાન થાય તો પણ તેઓ તેની કશી પરવા કરતા નથી, બીજાના દુઃખ દુર કરતી વખતે કદાચ તેઓને પોતાને દુઃખી થવું પડે તો પણ તેઓ અત્યંત પ્રસન્નતા પૂર્વક એ દુઃખ સહન કરી લે છે. એવાજ મનુષ્યો જગતમાં મહાત્માનું પદ ધારણ કરી શકે છે.

સંસારમાં દયા અને પરોપકાર કરતાં વધારે બીજું કોઇ પુન્ય નથી તેમજ સુખનું સાધન નથી. જો આપણે હંમેશા પરમ સંતુષ્ટ અને પ્રસન્ન રહેવા ઇચ્છતા હોઇએ તો દીન-દુઃખી જનો ઉપર હમેશાં દયા કરવી જોઇએ અને બની શકે તેટલો પરોપકાર કરવો જોઇએ. મનુષ્ય તરીકે સંસારમાં સારામાં સારૂં કાર્ય દરેક વ્યકિત કરી શકે એમ હોય તો તે પરોપકારજ છે. દયાળુ અથવા પરોપકારી બનવા માટે આપણી પાસે અખુટ દોલત હોવી જોઇએ અથવા આપણે કાંઇક આપવુંજ જોઇએ એવી અનિવાર્ય આવશ્યકતા નથી; એ વાતોને ધનની સાથે એવો ખાસ સંબંધ નથી. એનો સંબંધ તો મનની ઉદારતા અથવા દિલની વિશાળતા સાથે રહેલો છે. ગરીબમાં ગરીબ મનુષ્ય પણ જો ઈચ્છે તો મોટા મોટા ધનવાનો કરતાં પણ વધારે પરોપકારનાં કાર્યો કરી શકે છે. પરોપકાર એક એવો મનોધર્મ છે કે જેનાથી મનુષ્યની પાત્રતા વધે છે, બીજાનું કલ્યાણ થાય છે.

દયાળુ અને પરોપકારી થવા માટે કેટલીક વાતોની આવશ્યકતા રહેલ છે. સૌથી પ્રથમ વાતતો એ છે કે જે મનુષ્ય દયા અને ઉપકાર કરવા ઇચ્છતો હોય તેણે પોતાના અંગત સુખનું ધ્યાન તજી દેવું જોઈએ, પોતાનાં અંગત સુખનું ધ્યાન દયા અને પરોપકારનાં કાર્યોમાં ઘણુંજ વિઘ્ન કર્તા થઇ પડે છે, જે મનુષ્યનું ધ્યાન હમેશાં પોતાનાં અંગત સુખ તરફ રહે છે તેનામાં દયા, ભકિત વિગેરે ગુણો રહી શકતાજ નથી. એવા મનુષ્યને હમેશાં પોતાનાંજ સુખની ચિંતા રહ્યા કરે છે. અને જ્યાં સુધી પોતાનું મનજ શાંત તેમજ સંતુષ્ટ નથી હોતું ત્યાં સુધી તે બીજાનું શું કલ્યાણ સાધી શકે ? બીજી વાત એ છે કે દયા અથવા પરોપકાર કરતી વખતે આપણે કદિપણ યશ અથવા કીર્તિની આકાંક્ષા ન રાખવી જોઇએ તેમજ કરેલા ઉપકારના બદલાની પણ અપેક્ષા ન રાખવી જોઈએ. ઉચ્ચ કોટિના મહાત્માઓનું એ લક્ષણ છે. યશ, કીર્તિ અથવા બદલો મેળવવાની ઇચ્છાને લઇને કરેલો ઉપકાર વૃથા જાય છે. એક અંગ્રેજ કવિનો એવો મત છે કે જે મનુષ્ય સંપૂર્ણ મહાત્મા બનવા ઇચ્છતો હોય એટલે કે વાસ્તવિક મનુષ્યત્વની છેલ્લી હદે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચવા ઇચ્છતો હોય તેણે એક પુષ્પ પાસેથી બોધ ગ્રહણ કરવો જોઈએ. પુષ્પ સુગન્ધ આપીને આપણી ઉપર ઉપકાર કરે છે, પરંતુ એ ઉપકારના બદલામાં તે આપણી પાસેથી કોઈ પણ જાતના પ્રતિફલની આશા રાખતું નથી. એ ઉપરાંત આપણે એને ગમે તેવી સ્થિતિમાં રાખીએ તો પણ તે પોતાના પરોપકાર ગુણનો ત્યાગ કરતું નથી. એવા પ્રકારનો વ્યવહાર દરેક મનુષ્યે પણ રાખવો જોઈએ. દરેક મનુષ્યે હમેશાં બીજા ઉપર ઉપકાર કરતા રહેવું જોઇએ અને જેના ઉપર ઉપકાર કરે તેની પાસેથી કોઇપણ પ્રકારના પ્રતિફલની આશા ન રાખવી જોઈએ. એ ઉપરાંત તેણે તો સર્વ દશાઓમાં અને સર્વ પ્રસંગોએ બીજા ઉપર ઉપકાર કરતાંજ રહેવું. સાચા મહાત્માઓનાં એ લક્ષણ છે. આ સ્થળે સમર્થ તત્ત્વજ્ઞ પ્લેટોનું એક અમૂલ્ય વચન યાદ આવી જાય છે. તેણે એક સ્થળે કહ્યું છે કે " જે મનુષ્ય બીજા ઉપર ઉપકાર કરવા જાય છે તે પોતે પોતાની ઉપરજ ઉપકાર કરે છે " અને તે વાત અક્ષરશઃ સત્યજ છે.

પ્રત્યેક મનુષ્ય સુખી થવા ઇચ્છે છે. કોઇને પણ દુઃખ ગમતું નથી; એ ઇચ્છાની પૂર્તિ માટે તે પોતાની જાતને સુખી બનાવવા પ્રયત્નશીલ રહે છે, પરંતુ જે રીતે કેટલાક હિંસક જંતુઓ પોતાની ઉત્પત્તિને જ ખાઈ જાય છે તે રીતે તે પ્રયત્ન પણ પોતાના કર્તા મનુષ્યનોજ નાશ કરે છે. ઘણે ભાગે પોતાની જાતને સુખી કરવાની જે ચેષ્ટાઓ કરવામાં આવે છે તે મનુષ્યને દુઃખી કરે છે અથવા તો તે વ્યર્થ જાય છે. મનુષ્યને સૌથી વધારે અને વાસ્તવિક સુખ બીજાને સુખી કરવાથીજ મળી શકે છે " મેવાડ પતન " નામના નાટકમાં તેના વિદ્વાન કર્તાએ એક પાત્રને મુખે એવું કહેવરાવ્યું છે કે " પૃથ્વીમાં બે રાજ્ય છે. એક સ્વાર્થનું અને બીજું ત્યાગનું. પહેલાંનું જન્મ સ્થાન નરક છે અને બીજાનું સ્વર્ગ છે. પહેલાંનો દેવતા સેતાન છે અને બીજાનો ઇશ્વર છે. બીજા રાજ્યના રાજાની રાજનીતિ છે સ્નેહ, દયા અને ભક્તિ, તેનું શાસન છે સેવા, દંડ છે સેવા, અનુકંપા અને આત્મોત્સર્ગ અથવા બલિદાન છે પુરસ્કાર " કેવા સુંદર વિચારો ? કેટલો ઉત્તમ બોધ ? જે મનુષ્ય એ વિચારો પ્રમાણે કાંઇપણ કાર્ય કરી શકે છે તેઓ ખરેખર ધન્ય છે, મહાત્માઓ છે.

પરોપકારી બનવા માટે સૌથી વિશેષ જરૂરનું તો એ છે કે મનુષ્યના મનમાં દયા અથવા કરૂણા હોવી જોઇએ અને એટલા માટે આપણે દયા અને પરોપકારને એક સાથેજ રાખ્યા છે. બીજાનાં દુઃખો જોઇને દુઃખી બનવું એ દયા અથવા કરૂણા છે. અને તે દુઃખો દૂર કરવાનો પ્રયત્ન કરવો તે પરોપકાર છે. મનુષ્યની પ્રકૃતિમાં શીલ તથા સાત્વિકતાની સૌથી પહેલી સ્થાપના થાય છે. સંસારમાં સઘળા લોકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ દૂર કરવા અને સુખ વધારવા પ્રયત્ન કરે છે. અને જો એ ઉદ્દેશની પૂર્તિ કરવામાં સઘળા એકત્રિત થઇ જાય તો તેની સિદ્ધિ સહજ છે. હવે જે કાર્યોથી તે ઉદ્દેશની પૂર્તિ થઇ શકશે તે સંસારના સર્વોત્તમ કાર્યો ગણાશે એમાં લેશપણ સંદેહ નથી. એ ઉપર જ કહેવામાં આવ્યું છે કે,

**परोपकारः पुण्याय पापाय परपीडनम् ।**

તુલસીદાસજીયે પણ કહ્યું છે કે ' પરઉપકાર સહિસ ન ભલાઇ, પરપીડા સમ નહિ અધમાઇ. '

" સામાજીક જીવનની સ્થિતિ અને પુષ્ટિને માટે કરૂણાના પ્રસારની આવશ્યકતા છે. સમાજ શાસ્ત્રના પાશ્ચાત્ય ગ્રંથકારો કહ્યા કરે છે કે સમાજમાં એક બીજાને પોતપોતાના રક્ષણના વિચારને લઇનેજ સહાયતા કરવામાં આવે છે. પરંતુ જરા વિચાર પૂર્વક જોવામાં આવે તો કર્મક્ષેત્રમાં પરસ્પર સહાયતાનું ખરેખરૂં ઉત્તજન આપનાર કોઈને કોઇ રૂપમાં કરૂણાજ જોવામાં આવશે. મારા કહેવાનો આશય એમ નથી કે પરસ્પરની સહાયતાનું પરિણામ પ્રત્યેકનું કલ્યાણ નથી, પરંતુ મારા કહેવાની મતલબ એ છે કે સંસારમાં એક બીજાને સહાયતા વિવેચન દ્વારા દૂરસ્થ પરિણામ પર દષ્ટિ રાખીને નક્કી કરવામાં નથી આવતી, તે તો મનની પ્રવૃતિ કારિણી પ્રેરણાથી જ કરવામાં આવે છે. બીજાને સહાયતા કરવાથી આપણી પોતાની રક્ષાની પણ સંભાવના છે, એ વાતનું અથવા ઉદ્દેશનું ધ્યાન પ્રત્યેક સાચા સહાયકને તો નથી રહેતું. તે કરતાં વધારે વિસ્તૃત ઉદ્દેશોનું ધ્યાન તો વિશ્વાત્મા પોતેજ રાખે છે. તેણે એવા પ્રાણીઓની બુદ્ધિને એવી ચંચળ અને પરસ્પર ભિન્ન વસ્તુના વિશ્વાસ ઉપર મુકી નથી. " આ વાકયોથી એટલું તો અવશ્ય સિદ્ધ થાય છે કે સમાજનાં રક્ષણની દષ્ટિએ કરૂણાની ઘણીજ આવશ્યકતા છે. પરંતુ તે સાથે એ પણ સિદ્ધ થાય છે કે કરૂણાનો ભાવ મનુષ્યમાં પ્રાકૃતિક હોય છે, તો પણ જે રીતે લોકો પોતાની બીજી અનેક સુંદર વૃત્તિઓને નષ્ટ અથવા કુંઠિત કરી મુકે છે તેવી રીતે ઘણું કરીને કરૂણા વૃત્તિને પણ નષ્ટ કરી મુકે છે. પરંતુ વસ્તુતઃ એવા થવું એ ઘણું જ હાનિકારક છે. પ્રકૃતિ અથવા સ્વભાવના આ પરમ આવશ્યક અને મહાન ઉપયોગી ગુણને કદિપણ નષ્ટ અથવા કુંઠિત થવા ન દેવો જોઇએ તેમજ પ્રત્યેક મનુષ્યે હમેશાં દયાર્દ્ર અંતઃકરણના બની પરોપકાર કરતા રહેવું જોઈએ.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ધર્મ.

લે. રા. મોહનલાલ ડી. ચોકસી.

## મંગળાચરણ—

આ અવસર્પિણી કાળમાં ચોથા આરાના છેડે થયેલા ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી, કે જેમના અમૃતસમા ઉપદેશથી આ ભારતભૂમિમાં અહિંસાનો પુન: પ્રચાર થયો અને એ સાથે પથરાઇ રહેલા અજ્ઞાન–તિમિરનો નાશ થયો તેમને નમસ્કાર કરીને, બાળ જીવોને ' જૈન ધર્મ વા અનેકાંત ધર્મ ' શું વસ્તુ છે એનો સામાન્યપણે ખ્યાલ આવે તેવા લેખની રચનાનું કાર્ય આરંભુ છું.

## ધર્મની વ્યાખ્યા—

धारयति इति धर्मः અર્થાત્ દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરી, સદ્ગતિનું ભાજન બનાવે એનું નામ ધર્મ. ધર્મ તેનેજ કહી શકાય કે જેના અવલંબનથી પ્રાણીમાત્ર પોતાની ઉત્ક્રાન્તિ કરી શકે. જેના સેવનથી આત્મા સાક્ષાત્કાર સાધી શકે. આત્માના મૂળ ગુણ જે જ્ઞાન–દર્શન–ચારિત્ર તેમાં પૂર્ણતા પ્રાપ્ત કરી શકે. દુનિયાપર સંખ્યા બંધ ધર્મો પ્રસરી રહ્યા છે ત્યાં એ સવાલ જરૂર ઉભો થશે કે આમાંનો કયો ધર્મ ઉપર કહી ગયા તેવી સિદ્ધિને દેનારા છે. એ ઉપરથી ફલિત થાય છે કે ધર્મ ગ્રહણમાં પણ પરીક્ષા કરીને જ પગ માંડવાનો છે. ' ઉજળું એટલું દુધ ન હોય, તેમ સર્વત્ર આંબાના ઝાડો પણ નજ હોઇ શકે ' સર્વ ધર્મ સરખા છે એમ કહી નાંખવામાં બુદ્ધિની વિશાળતા નથી પણ કેવળ લીલામ છે. ' ટકે શેર ભાજી ટકે શેર ખાજાં ' જેવો મૂર્ખાઇભર્યો ન્યાય છે. વસ્તુ વસ્તુ વચ્ચે જેમ તરતમતાને ભિન્નતા રહેલી છે તેમ ધર્મ ધર્મ વચ્ચે પણ ઉત્તમતા–કનિષ્ટતા રૂપ ધોરણો છે; તેથી સુજ્ઞ જને પ્રથમ પરીક્ષા કરી એમાં જે ધર્મ ઉત્તીર્ણ થાય તેને જ પકડવો ઘટે છે.

## ધર્મ પરિક્ષા—

જેમ સુવર્ણની પરીક્ષા ચાર પ્રકારથી થઇ શકે છે; જેમકે કસોટી પર ઘસવાથી છેદ કરવાથી, હથોડાવતી ઠોકી જોવાથી અને અગ્નિમાં તપાવી જોવાથી. તેવીજ રીતે ધર્મરૂપ સર્વોત્કૃષ્ટ કનકની પરિક્ષા કરવાના ચાર સાધનો છે. શ્રુત, શીલ, તપ અને દયા. જે ધર્મ ગ્રંથોમાં કર્ણને પ્રિય લાગે અને આત્મા હોંશથી ગ્રહણ કરે તેવો ઉમદા બોધ ભર્યો છે, જેમાં શીલ યાને સચ્ચારિત્ર ઉપર ખાસ ભાર મુકવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો હોય છે, જ્યાં કર્મોરૂપી અનાદિકાળની મલિનતાને જડમૂળથી ધોઇ નાંખવામાં અન્ય સર્વ સાધનો કરતાં 'તપ' નામના તેજી સાધનને અગ્ર પદ આપવામાં આવેલું છે, અને જેમાં સારાયે વિશ્વના તમામ પ્રાણીઓ પ્રત્યે દયા અમીદષ્ટિ રૂપ વર્ષાનું સિંચન ડગલે પગલે દેખાડવામાં આવ્યું હોય છે તેજ ધર્મ આત્મ પ્રગતિમાં એક સારા અને અનુભવી ભોમિયાની ગરજ સારે છે. એના સેવન–પાલન–મનન અને નિદિધ્યાસનથી આત્મા પરમાત્મા બની શકે છે. अहिंसा परमो धर्मः એ ટંકશાળી વચન છે. જગતના નાના મોટા, કીડીથી કુંજર સુધીના જીવો સાથે મૈત્રીભાવ ભર્યું આચરણ કરવાનું જે ધર્મ શીખવાડે, તેજ ધર્મ અભ્યુદય અર્થે હોઇ શકે. ઉપરોક્ત ચાર પ્રકારની પરીક્ષામાં પસાર થયેલ સુવર્ણ ને જ 'સો ટચનું' બિરૂદ મળી શકે છે, તેમ ધર્મ પણ ઉકત ચાર પ્રકારની કસોટીમાંથી ઉત્તીર્ણ થઇ શકે તેવો હોય તો જ તે શ્રેષ્ઠપણાની કોટિમાં જઇ શકે છે; જેમ શિઆળને સિંહનું ચામડું ઓઢાડવા માત્રથી તે સિંહ નથી થઈ શકતું તેમ માત્ર બોલવાથી ધર્મની શ્રેષ્ટતા સાબીત થઈ શકતી નથી.

**પરીક્ષાના સાધન—**

વર્તમાન કાળે પ્રાચીન ગણાતા એક પણ ધર્મના સ્થાપક દ્રષ્ટિગોચર થતાં ન હોવાથી, એનામાં કેવા પ્રકારના ગુણાવગુણ હતાં અગર તો એનું વર્તન કેવા પ્રકારનું હતુ એ જોવાનું, એની તુલના કરવાનું સાધન માત્ર અત્યારે તેની વિદ્યમાન પ્રતિકૃતિ, તેમજ તેણે ઉપદેશેલા વચનામૃતો જે ગ્રંથરૂપે પ્રકાશિત થયા હોય છે તેજ છે, અર્થાત્ હાલમાં નજરે આવતી મૂર્તિઓ અને ભિન્ન ભિન્ન પ્રકારના ધાર્મિક પુસ્તકો દ્વારા મૂળ સ્થાપકો સબંધે જ્ઞાન મેળવી શકીએ અને એની સરખામણી મારફતે કયો શ્રેષ્ટ છે એ વાતનો નિષ્કર્ષ કાઢી શકીએ. શ્રી હરિભદ્રસૂરિ જેવા વિદ્વાન્ મહાત્માએ કહેલું છે કે આગમ તેમજ યુકિતથી જે અર્થ સિદ્ધ થઇ શકે છે, તે પરીક્ષા કરેલા કનકની માફક ગ્રહણ કરવા યોગ્ય છે. એમાં પક્ષપાતનું શું પ્રયોજન છે? સાંભળવાને કાનો, વિચારવાને સારૂ બુદ્ધિ તથા વાણીનો યોગ છતાં જે સાંભળે કે વિચારે નહીં તેને માટે શું કહેવું? પ્રત્યક્ષ રીતે મેં શ્રી રૂષભદેવ કે વિષ્ણુ, શંભુ કે બ્રહ્મા અથવા એ સિવાયના કોઈ દેવને જોયા નથી; છતાં તેમની મૂર્તિઓ ઉપરથી તેમજ તેમને લગતા ધર્મ ગ્રંથોમાંથી તેમના વિષે આવતા સ્વરૂપ પરથી તેઓમાં રહેલા સત્ય વિષે વિચાર કરવામાં આવે તો યથાર્થ વસ્તુનો બોધ થઇ શકે છે."

**શક્રના હસ્તમાં વજ્ર, બળદેવની મૂર્તિ હળ સહિત, વિષ્ણુ ચકરૂપી શસ્ત્રવાળા, કાર્તિકસ્વામી શકિતને ધરનારા, અને રૂદ્ર ત્રિશૂળ ધારણ કરી શ્મશાન ભૂમિમાં**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેનારા અને તેવાજ પ્રકારના અન્ય દેવો પણ કંઈને કંઇ બાબતમાં ઉણપવાળા નજરે જોવાયા છતાં કયો બુદ્ધિમાન તેમનામાં દેવપણાનો આરોપ કરી શકે ? પાસે શસ્ત્ર રાખવાથી ક્યાંતો પોતાને ભય છે એ વાતનું, અગર અન્યને હણવાની વૃત્તિનું સ્પષ્ટ અનુમાન થાય છે. સ્ત્રી સહિતની મૂર્તિ ઉપરથી અતિ કામાંધ દશાનો ચોકખો ખ્યાલ આવે છે. એ રીતે બીજા પણ ચિન્હો ઉપરથી, તેમજ મૂર્તિના આકાર ઉપરથી, એટલું તો સહજ રીતે પુરવાર કરી શકાય છે કે, એ કક્ષામાં વિચરતાં આત્માઓને દેવકોટિમાં નજ મૂકી શકાય. એની સામે વીતરાગ દશા સૂચક જીનપ્રભુની મૂર્તિ હયો, એ પરથી તરતજ એમાં રહેલી વિશિષ્ટતાનો ખ્યાલ આવશે. જેમાંથી રાગાદિ દૂષણો સર્વથા નાશ પામી ગયા છે એવી મૂર્તિની રચના જ, અરે ! તેની આકૃતિ જ કંઇ જુદા પ્રકારની હોય છે. આકૃતિ ઉપરથી સ્વરૂપનું સૂચન થાય છે ' એ નીતિકારનું વચન યથાર્થ છે. શાસ્ર ગ્રંથો જોતાં પણ આવાજ પ્રકારની વિચિત્રતા નજરે પડે છે. એક સ્થાને ' અહિંસા પરમો ધર્મ: ' ની વાત કરનાર ગ્રંથમાંજ બીજી જગ્યાએ યજ્ઞ માટે હોમવાના પશુના વર્ણનો સાંભળી હૃદયમાં કમકમાટ આવે છે. શીળ વા ઉત્તમ પ્રકારના આચારને અગ્રપદ આપનાર શાસ્રમાંજ 'નિયોગ ' જેવા નિંદનીય કાર્યની વાતો વાંચતા આવા પગલે પગલે દષ્ટિગોચર થતાં વિરોધો માટે શું ધારવું તે સમજી શકાતું નથી. દયાની લાંબી લાંબી વાતો કરનાર બૌદ્ધ ધર્મીઓ પણ હિંસા સેવતા જોઇ મન ગુંચવાઇ જાય છે. આવાજ પ્રકારની સ્થિતિ ખ્રિસ્તી અને મુસલમાન ધર્મ સંબંધમાં છે. ટુંકામાં કહીયે તો ઉમદા પ્રકારના તત્વો સાથે તેવા પ્રકારનું આચરણ દેખા દેતું નથી. હાલ એ સંબંધમાં આટલા વિચારથી સંતોષ માની અંતમાં એ પરત્વે થોડો વધુ વિચાર કરીશું. પ્રસ્તુતમાં કહેવાનું એટલું જ કે ધર્મનું લક્ષણ જે પૂર્વે સૂચવી ગયા છીએ એ અનુસારના પૂરેપૂરા લક્ષણો માત્ર "જૈનધર્મ" માંજ પ્રાપ્ત થાય છે. તેની સાક્ષીરૂપે "જીન ભગવાન" ની મૂર્તિ અને "જૈન આગમ ગ્રંથો" નું સ્વરૂપ વિચારવાની સૌ કોઇને છૂટ છે. પક્ષપાતની દષ્ટિનો ત્યાગ કરી જૈન ધર્મનો વિચાર કરતાં તેનું સર્વશ્રેષ્ટ પણું સૌ કોઇને માન્ય થાય તેવું છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

જૈન સમાજમાં માત્ર ગણ્યા ગાંઠયા પેપરો છે, જેમાં જૈનપત્ર એ એક લીડીંગ પેપર હોવાથી અને તેણે પચીશ વર્ષ જેટલી લાંબી મુદત નિર્વિઘ્ને પસાર કરેલ હોવાથી તા. ૧૨–૪ ૧૯૨૮ ચૈત્ર વદ ૭ ના રોજ તે છવીશમા વર્ષમાં અને બીજા પાયામાં પ્રવેશ કરતું હોવાથી, તેની ખુશાલી નિમિત્તે જૈન પત્રની ઓફીસમાં ધાર્મિક ભાવના પ્રભુ ભક્તિ સહિત મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જો કે જૈન પત્રને તે મંગલમય દિવસ હતો પરંતુ હિંદની સકલ જૈન સમાજને તે માટે મગરૂર થવા જેવું અને તેટલુંજ માંગલિક તેમજ ગૌરવતાવાળું કહી શકાય; કારણ કે જૈનપત્ર એ જૈન કોમ માટે આવશ્યકતાવાળું ઉપયોગી અને જૈન સમાજના ક્ષેત્રમાં અગ્રસ્થાન ભોગવતું હોઇ કેટલીએ વખત સમાજને નિષ્કંટક માર્ગે દોરવવા, કેટલીએ બાબતોને અંધારામાંથી અજવાળામાં લાવવા, અપરિચિત અને અજાણી સ્થિતિમાંથી પરિચિત સ્થિતિમાં અને વીખરાયેલ સ્થિતિને સંકળનાવાળી સ્થિતિમાં મુકવા માટે એક સારા પેપર તરીકેનું કાર્ય જૈનપત્રે બજાવ્યું છે. કોન્ફરન્સના પ્રચારકાર્ય, શ્રીકેશરીયાજી તીર્થની ખરી હકીકત ખરે વખતે પ્રકટ કરવામાં અને છેલ્લે શ્રી શત્રુંજયના કેસમાં યાત્રાત્યાગના કાર્યમાં પ્રચારકાર્ય અને વસ્તુ સ્થિતિનું ભાન કરાવવામાં જૈન પત્રે અણુમોલી સેવા બજાવી છે, તે આ વખતે બહારના આવેલા અસંખ્ય સંદેશાઓ તેનું ભાન કરાવે છે. દરેક વસ્તુની બે બાજુ હોય છે, છતાં પણ સેવાભાવી, કર્તવ્યનિષ્ઠ મનુષ્યોની સેવા કર્તવ્યપરાયણ જોઇ શકે છે, તે રીતે જૈન પત્રે બંને કાર્ય જૈન સમાજ માટે બજાવ્યા છે. પ્રથમ પ્રભુભક્તિ નિમિતે પ્રભુ પધરાવી શ્રીનવપદજી મહારાજની પુજા ભણાવી ભક્તિ કરી હતી, ત્યારબાદ સાંજના સાડાચાર વાગે આ સ્ટેટના નામદાર દિવાન સાહેબ ત્રિભુવનદાસભાઇ કાળીદાસના પ્રમુખપણા નીચે દબદબા ભર્યો મેળાવડો થયો હતો. સ્ટેટના અધિકારી જૈન અને જૈનેતર આગેવાનો નગરશેઠ વગેરે અનેક મનુષ્યોની હાજરી હતી. મંગળાચરણ અને પત્રિકા વંચાઈ રહ્યા પછી પ્રમુખ સાહેબે પોતાનું સ્થાન લીધું, ત્યારબાદ જૈન પત્રના અધિપતિ શેઠ દેવચંદ દામજી કુંડલાકરે જૈનપત્રને અંગે પોતાનું નિવેદન જાહેર કર્યું હતું. પોતે કેટલી મુશ્કેલીમાંથી પસાર થયેલ છે વગેરે સાથે પોતાની લઘુતા બતાવી હતી. ત્યારબાદ બહાર ગામથી અનેક પ્રતિષ્ઠિત મુનિમહારાજાઓ, શ્રીસંઘો, જાહેર સંસ્થાઓ, વર્તમાન પેપરોના તંત્રીઓ તથા જૈન અગ્રેસરોના સંખ્યાબંધ તારો અને પત્રો દ્વારા સહાનુભૂતિના સંદેશા અને સમગ્ર જૈનસમાજ તરફથી જૈન પત્રની સીલ્વર જ્યુબીલી ઉજવાય, તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છાઓ દર્શાવી હતી તે તમામ ટુંકમાં રા. સુશીલ તરફથી વાંચવામાં આવેલ હતા. ત્યારબાદ આ મેળાવડામાં હાજર રહેલા જૈન આગેવાનો અને બીજા બંધુઓ તેમજ જૈન પત્રના પ્રશંસકો અને શુભેચ્છકોની ઇચ્છા ' જૈન કોમ જૈન પત્રની સીલ્વર જ્યુબીલી ઉજવે ' એ આ પત્રની સેવા માટે યોગ્ય છે જેથી નીચે મુજબ ત્રણ ઠરાવો મુકવામાં આવ્યા હતા.

**ઠરાવ પહેલો**—જૈન પત્ર અનેક મુશ્કેલીઓ વટાવી શાન્તિથી પસાર થયું તે માટે ધન્યવાદ આપતાં ઠરાવ મુકવામાં આવ્યો કે–હિંદના દરેક પ્રાંતના જુદા જુદા ગામોથી આવેલા અનેક સંદેશાઓ અને તારોમાં જૈન પત્ર તરફનો સમાજ પ્રેમ તરી આવે છે અને મોટા ભાગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિવરો, ઘણા સંઘો, આગેવાનો વગેરે જૈન પત્રનો રજત મહોત્સવ ઉજવાય તેમ ઇચ્છે છે, એવું તેમના લખાણુ ઉપરથી તરી આવે છે, જેથી આજની મળેલી તેમના પ્રશંસકો અને મિત્ર-મંડળની આ સભા તેવી જરૂર સ્વીકારે છે અને જૈન પત્રે કોમની સેવા બજાવીને લોકપ્રિયતા મેળવી છે, તેથી તે પત્રની સીલ્વર જ્યુબીલી અહિં અને બહારના જૈન સમાજ તરફથી ઉજવવાનો ઠરાવ કરે તે યોગ્ય લાગે છે જેથી તે ઠરાવ મુંકું છું, આપ મારા વિચારને મળતા થશો.

ઠરાવ મુકનાર—શેઠ કુંવરજી આણંદજી—ભાવનગર.

અનુમોદન આપનાર—શેઠ ફતેહચંદ ઝવેરભાઈ ,,

**ઠરાવ બીજો**—ઉપરના ઠરાવની યોગ્યતા જણાવતાં ઠરાવ મુકવામાં આવ્યો કે જૈન પત્રની સીલ્વર જ્યુબીલી ઉજવવાના કાર્ય માટે સ્થાનિક તેમજ દેશાવરના નીચેના ગૃહસ્થોની મેમ્બરો વધારવાની સત્તા સાથે કમીટી નીમવા અને તેમાંથી નિયમિત કામ કરવાને મેનેજીંગ કમીટી ચુંટી કાઢવાને આ સભા ઠરાવ કરે છે. આ ઠરાવ સાથે ભાવનગર, મુંબઇ, અમદાવાદ, પાટણુ, સુરત, મારવાડ, મેવાડ, માળવા વગેરેના જૈન ગૃહસ્થોના નામોનું લીસ્ટ રજુ કર્યું હતું.

ઠરાવ મુકનાર—શેઠ હરીચંદ શોભણભાઇ—શીહોર

અનુમોદન આપનાર—શાહ નાનાલાલ હરીચંદ.

**ઠરાવ ત્રીજો**—આ કમીટી હવે પછી નિયમિત અને વ્યવસ્થિત કાર્ય કરી શકે માટે નીચે મુજબ બંધારણુ આજની મળેલી સભા મુકરર કરે છે.

શેઠ કુંવરજી આણંદજી, માસ્તર મોતીચંદ ઝવેરચંદ મહેતા અને દોશી જીવરાજ ઓધવજી બીએ. એલ. એલ. બી. એડવાઇઝરો.

શેઠ ગુલાબચંદ આણંદજી તથા વોરા ખાંતિલાલ અમરચંદ, સેક્રેટરીઓ.

શેઠ ફતેચંદ ઝવેરચંદ ટ્રેઝરર.

દરખાસ્ત મુકનાર—ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.

અનુમોદન આપનાર—શેઠ પુરૂષોત્તમદાસ ગીગાભાઈ.

ઉપરના ત્રણુ ઠરાવો પસાર થયા બાદ શ્રીમાન્ પ્રમુખ સાહેબે ઉપસંહાર બહુજ વિદ્વત્તા પૂર્ણ કર્યો હતો. છેવટે ફુલ, હાર, દુધ, ટીફીન વગેરે આપવામાં આવ્યું હતું. આ સમાચાર પૂર્ણ કરતાં છેવટે અમારે નમ્રપણે કહેવા જેવું એ છે જે જૈન પત્રની સીલ્વર જ્યુબીલી ઉજવતાં તેની સાથે અત્યારે જૈન સમાજની જે પરિસ્થિતિ છે તેમાં તીર્થ, સાહિત્ય, સંગઠ્ઠન, કેળવણી વગેરે વિખરાયેલા માર્ગોને પૂર્વની સ્થિતિએ મુકવાની બાબતમાં ઘણું કરવા જેવું, તે માટે સુચના કરવા જેવું અને માર્ગદર્શક થવા જેવું ઘણું છે. તો આ પ્રસંગે બહાર ગામથી—નાના મોટા શહેરો-માંથી મુખ્ય મુખ્ય આગેવાનો, કેળવાયેલા બંધુઓ, વિચારકો અને સેવાભાવી મનુષ્યોને ખાસ આમંત્રણુ કરી તેમના સમક્ષ તે માટે વિચારોની આપ-લે કરી આ વિષયો ચર્ચી આ પ્રસંગે ખાસ કંઇ કરી બતાવવા માટે ઉપરોક્ત કમીટીના બંધુઓ અને અગ્રેસરોને નમ્ર સુચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી અંતરીક્ષજી તીર્થમાં પંચરંગી મહોત્સવ.

ચૈત્રી પૂર્ણિમા ઉપર આ તીર્થમાં અપૂર્વ ઉત્સવ ઉજવાયો હતો. મુનિરાજ શ્રી દર્શનવિજયજી તથા શ્રી જ્ઞાનવિજયજી તથા શ્રી ન્યાયવિજયજી મુનિમહારાજો અગાઉથી વિહાર કરી મેળા ઉપર ખાસ પધાર્યા હતા. મુનિરાજશ્રી દર્શનવિજયજીના પ્રમુખપણા નીચે શુદ ૧૩ ના જયંતી ધામધૂમપૂર્વક ઉજવાઇ પ્રભુના ગુણગાન કર્યા હતા. ચૈત્ર વદી ૧ ના રોજ ઉકત મહાત્માના પ્રમુખપણા નીચે સભા મળી હતી. મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી તથા ન્યાયવિજયજી અને ગૃહસ્થોએ ભાષણો કર્યા હતા, તીર્થરક્ષક કમીટી, શ્રી શત્રુંજય યાત્રાત્યાગ વગેરે માટે ઠરાવો થયા હતા.

## શ્રી જૈન સેનીટરી એસોસીએશન, મુંબાઇ.

ઉપર્યુક્ત સંસ્થાના આશ્રય નિચે મુંબાઇથી શ્રી નરોત્તમદાસ બી. શાહ તથા શ્રી મણીલાલ મ. શાહ ' અજ્ઞાનતાના અંધેર ' ( Curse of ignorance ) નામક ફીલ્મ ઇસ્ટરની રજાઓમાં અમદાવાદની જૈન પ્રજાને મફત બતાવવા અમદાવાદ ગયા હતા પણ અમદાવાદ શહેરના મે. મેજીસ્ટ્રેટ સાહેબે ' ટીકાકારી સભા ' ( Censure Board ) ના પ્રમાણ પત્ર વિના તે ફીલ્મ જાહેર પ્રજા સમક્ષ મુકવા રજા આપવા ના પાડી તેમ છતાં 'ટીકાકારી સભા' તરફથી રજા ચીઠ્ઠી મેળવવામાં આવી અને તેથી મે. મેજીસ્ટ્રેટ સાહેબે ફીલ્મને જાહેરમાં મુકવા રજા આપી અને તેથી વિકટર સિનેમામાં તા. ૧૩ તથા ૧૪ મી એપ્રીલે અમદાવાદની જૈન પ્રજાને મફત બતાવવામાં આવી હતી. શ્રીયુત મૂળચંદ આશારામ વૈરાટીએ તે પ્રસંગને ફત્તેહપૂર્ણ કરવા રસપૂર્વક ખૂબ જહેમત ઉઠાવી હતી. લગભગ ૩૦૦૦ જૈન ભાઇ બ્હેનોએ એ પ્રસંગનો લાભ લીધો હતો, અને ફીલ્મને પણ સારો આદરમળ્યો હતો.

# સ્વીકાર અને સમાલોચના.

૧ શ્રી આગમોદય સમીતિ તરફથી પ્રકટ થયેલ નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે જે આભાર સાથે સ્વીકારીયે છીયે.

૧ **શ્રી બપ્પભટ્ટસૂરિ** કૃત અને પૂર્વ મુનિવર્ય પ્રણીત ટીકા યુક્ત ચતુર્વિંશતિ (સચિત્ર) શ્રી શારદા સ્તોત્ર તથા બપ્પભટ્ટસૂરિ ચરિત્ર–પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. એ આ કાવ્ય અને ચરિત્ર ગ્રંથનું સંશોધન તથા સરલ શબ્દાર્થ સાથે ભાષાંતર કર્યું છે સાથે સ્પષ્ટાકરણ અને છેવટે શબ્દકોષ આપી અભ્યાસી અને વાચક વર્ગને બહુ જ સરલતા કરી આપી છે. વળી આ બુકમાં ૧૬ વિદ્યાદેવીઓના વિવિધ રંગના સુંદર ફોટાઓ આપી ગ્રંથની સુંદરતામાં વૃદ્ધિ કરી છે. પ્રયાસ ઉત્તમ છે અને ગ્રંથ વાંચવા યોગ્ય છે કિંમત ૭ રૂપીયા.

૨ **શ્રી ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ**—ભાગ ૧ જેમાં ઉપાધ્યાય શ્રી ધર્મવર્ધન ગણિકૃત વીરભકતામર તથા શ્રી ભાવપ્રભસૂરિકૃત નેમિભકતામર પરિશિષ્ટ તરીકે ભક્તામર સ્તોત્ર તથા ગિરનાર કલ્પસહિત સ્વોપજ્ઞ ટીકા અને ભાષાંતર સહિત આ ગ્રંથમાં આવેલ છે. સંશોધન તથા ભાષાંતર કર્ત્તા પ્રો૦ હીરાલાલ રસીકદાસ કાપડીયા એમ. એ. આ ગ્રંથ મૂળ, ટીકા, અન્વય અને શબ્દાર્થ શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ ભાષાંતર રૂપે આપેલ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાંતર સુંદર શૈલીથી અને અભ્યાસીને અભ્યાસ માટે સરલ અને ઉપયોગી બનાવ્યું છે. સારો પ્રયત્ન કરવામાં આવેલો છે. કાવ્યો અપૂર્વ અને તેના ખપી માટે એક ઉપયોગી વસ્તુ છે. તે માટે અમો વાંચવાની ખાસ ભલામણ કરીયે છીયે. કિંમત રૂા. ૩-૦-૦

**૩-૪ વિશેષાવશ્યક ભાષાંતર ભાગ ૧ તથા ૨ જો**—આ બંને ભાગમાં મળી ૩૬૦૩ ગ્રાથા સંપૂર્ણ અર્થ સહિત ભાષાંતર આપવામાં આવેલ છે, શ્રીમજ્જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિરચિત વિશેષાવશ્ય તથા મલધારી શ્રી હેમચંદસૂરિ શિષ્યહિતા નામની વૃત્તિ અનુસારે ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. અનુવાદની ભાષા સરળ અને સાદી હોવાથી જિજ્ઞાસુઓને ખાસ વાંચન, મનન-અભ્યાસ કરવા યોગ્ય છે, અમો આ અનુવાદ દરેક જૈન બંધુઓ અને બ્હેનોને વાંચવાની ભલામણ કરીયે છીયે. કિંમત રૂા. ૨-૦-૦ તથા રૂા. ૩-૦-૦

ઉપરોકત ઉપયોગી સાહિત્ય પ્રકટ કરવા માટે પ્રકટકર્તાને ધન્યવાદ આપીયે છીયે.

---

૨ **કર્મવિચાર ભાગ ૧ લો ( બંધ ) ભાગ ૨ જો ( સત્તા )** યોજક તથા પ્રકાશક પ્રભુદાસ બેચરદાસ પારેખ જૈન વિદ્યાર્થી ભુવન પાટણના વ્યવસ્થાપક તરફથી ભેટ મળેલ છે. કિંમત ત્રણ આના બીજો ભાગ ભેટ. ભાઇ પ્રભુદાસ ધર્મના અભ્યાસી અને સારા વિચારક છે. વળી આ વિષયનો તેમનો અનુભવ પણ સારો છે, તે આ ગ્રંથની લેખનશૈલીથી જણાય છે. બાળકો જલદીથી ગ્રહણ કરી શકે તેવી સરલ અને સાદી ભાષામાં લખાયેલ હોવાથી જૈન શાળાઓમાં તે ચલાવવા જેવો છે. વાંચતાં જિજ્ઞાસા વધતી જાય છે, રચના સારી છે જૈન શિક્ષણક્રમને માટે ઉપયોગી છે અને દરેકને વાંચવા યોગ્ય છે.

૩ **શ્રી મહાવીર જીવનનો મહિમા**—લેખક પં. બેચરદાસ જીવરાજ. પ્રકાશક એસ. જે. શાહ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય માદલપુર અમદાવાદ, શ્રીમહાવીર જીવન સંપૂર્ણ શારીતે લખાય ? અને તેને માટે શું શું સામગ્રી મેળવવી જોઇએ તેને માટે ૩૭ કલમો આ સુચના પત્રમાં આપવામાં આવી છે. આટલું વાંચે વીચારે અનુભવમાં લે પછી લખે એમ બનવું મુશ્કેલ લાગે છે. પછી કલ્પસૂત્રમાં આવેલ શ્રી મહાવીર પ્રભુના અંગે તેમજ લલિત વિસ્તરામાં બુદ્ધને અંગે લખાયેલી હકીકત સામસામે બતાવી છે. શ્રી આચારાંગ કલ્પસૂત્ર, તથા આવશ્યક નિર્યુક્તિને ભાષ્યમાં આપેલ હકીકત પાઠ અર્થ આપેલ છે. આ સુચના પત્રમાં આપેલ હકીકત ખાસ વાંચવા જેવી છે. વિચારકોની વિશેષ જાણ માટે સુઘોષા પત્ર સાથે વહેંચી વિશેષ પ્રચાર કરેલ છે.

૪ **શ્રી જૈન શાળોપયોગી શિક્ષણમાળા બીજી ચોપડી** બીજી આવૃતિ કિંમત સાડાત્રણ આના પ્રકાશક મ્હેસાણા શ્રી શ્રેયસ્કર મંડળ તેની બીજી આવૃતિ તેજ તેની ઉપયોગીતા જણાવે છે. પ્રથમ કરતાં આ આવૃતિમાં કેટલોક સુધારો વધારો કરેલ છે.

## રીપોર્ટો.

**શ્રી આત્માનંદ જૈન ટેકટ સોસાયટી**—અંબાલાનો વાર્ષિક રિપોર્ટ સને ૧૯૨૭ તેના ધારા ધોરણો અને ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરતી અને વિવિધ સાહિત્યની નાની બુકો હિંદી ભાષામાં પ્રકટ કરતી આ સંસ્થા દિવસાનુદિવસ ઉન્નત થતી જાય છે. અત્યાર સુધી ૯૩) ગ્રંથો પ્રકટ કરેલ છે તે તમામ ઉપયોગી છે. વહીવટ ચોખવટવાળો અને હીસાબ પદ્ધતિસરનો છે અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

## નીચેના પુસ્તકો ભેટ મળ્યા છે. તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

### શેઠ અગરચંદ, ભૈરવદાન. " શેઠીયા જૈન ગ્રંથમાળા " બીકાનેર તરફથી ભેટ મળેલા ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | પ્રાકૃત પાઠમાળા ... ... ... ... ... ... | ૧–૪–૦ |
| ૨ | સ્યાદ્વાદ મંજરી ... ... ... ... ... ... | ૧–૮–૦ |
| ૩ | અર્ધ માગધી શબ્દ રૂપાવલી ... ... ... ... ... | ૦–૧–૦ |
| ૪ | પાંચસો ત્રેસઠ બોલકા જીવધડા ... ... ... ... | ૦–૩–૦ |
| ૫ | નૈતિક ઔર ધાર્મિક શિક્ષા ... ... ... ... ... | ૦–૧–૩ |
| ૬ | પાંચ સમિતિ ત્રણ ગુપ્તિકા થોકડા ... ... ... ... | ૦–૦–૯ |
| ૭ | આઠાણું બોલકા બાસઠીયા ... ... ... ... ... | ૦–૧–૩ |
| ૮ | નિતિ શિક્ષા સંગ્રહ ભા. ૧ લો ... ... ... ... ... | ૦–૦–૯ |
| ૯ | હિંદિ બાળ શિક્ષા ભા. ૧ લો. ... ... ... ... ... | ૦–૦–૯ |
| ૧૦ | ,, ભા. ૨ જો ... ... ... ... ... | ૦–૨–૦ |
| ૧૧ | ,, ભા. ૩ જો ... ... ... ... ... | ૦–૩–૦ |
| ૧૨ | ,, ભા. ૪ થો ... ... ... ... ... | ૦–૩–૬ |
| ૧૩ | નયપ્રમાણુ થોકડા ... ... ... ... ... ... | ૦–૩–૦ |
| ૧૪ | આત્મસાધના સંગ્રહ સાધ્વી શ્રી પરસનશ્રીજી ... ... ... | ૦–૪–૦ |
| ૧૫ | આત્મબોધ રત્નમાળા તથા રત્નાકર પચ્ચીશી ગદ્ય પદ્ય અનુવાદ સહિત સચિત્ર મેઘરાજ જૈન પુસ્તક ભંડાર. ... ... ... ... | ૦–૪–૦ |
| ૧૬ | જિનેંદ્ર ભકિતસુધારક ,, ... ... ... ... | મનન વાંચન, |
| ૧૭ | જૈન ધર્મકા પ્રભાવ આત્માનંદ જૈન ટ્રેકટ સોસાયટી અંબાલા .. ... | ૦–૧–૦ |
| ૧૮ | ,, ક્રાંન્તિ ,, ( પાક્ષિક ) દશાશ્રીમાળી ( બેતાળીશ ) જ્ઞાતિના હિતાર્થે પ્રકટ થતું તંત્રી કેશવલાલ નગીનદાસ શાહ અમદાવાદ વર્ષ ૨ જું અંક ૪–૫ લવાજમ વાર્ષિક ... ... ... ... ... | ૨–૦–૦ |
| ૧૯ | શ્રી પ્રકરણુ–રત્ન–( પ્રકરણાદિ જુદા જુદા અઢાર વિષયોનો સંગ્રહ) સારો કર્યો છે ખાસ ખરીદવા યોગ્ય છે. ( સાધુ સાધ્વીને ભેટ. ) મહેતા નાગરદાસ પ્રાગજી દોશીવાડાની પોળ–અમદાવાદ ... ... | ૦–૧૦–૦ |
| ૨૦ | મૈત્રાયણીય માનવગૃહ્યસૂત્રમ્ પ્ર૦ શ્રીમાન્ ગાયકવાડ સરકાર ઓરીએન્ટલ સીરીઝ | ૫–૦–૦ |

### ગાંધી શિક્ષણના ભાગ ૧ થી ૧૩ ભેટ.

વિનંતિ જે મહાત્માજી જેલમાંથી આવ્યા ત્યાં સુધીના તેમના મળી શકયા તેટલા લેખો અને ભાષણોમાંથી ગાંધી શિક્ષણના ૧૩ ભાગ તૈયાર કરેલા જેની મૂલ કિંમત રૂા ૮॥= ઘટાડી રૂા ૪॥= રાખેલ છે તે ગુજરાતીમાં હોઇ જે કોઇ સ્થાનકવાસી દેરાવાસી કે દીગંબર જૈન સંસ્થા કે સાધન હીણુ જૈન તેનો ઉપયોગ કરી શકે તેમ હશે તેને રૂા ૧) પોસ્ટેજનો મળેથી સીલીક હશે ત્યાં સુધી ભેટ નીચેના ઠેકાણેથી મળશે.

નગીનદાસ અમુલખરાય.
ઠે૦ ૬/ સુખડવાલા બિલ્ડિંગ–રેવલીન સ્ટ્રીટ,
હોર્નબી રોડ, ફોર્ટ, મુંબઇ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શત્રુંજયની સમાધાની માટે નિરાશા.

પાલીતાણાના ઠાકોર સાહેબના આમંત્રણને માન આપી જૈન કોમના પ્રતિનિધિઓની ખાસ કમીટી શ્રી શત્રુંજયના કેસને અંગે તોડ ઉતારી સમાધાન કરવા પાલીતાણે ગઇ હતી. પરંતુ સખેદ જણાવવું પડે છે કે તેનું કાંઇપણ પરિણામ આવ્યું નથી અને વસ્તુસ્થિતિ તેની તેજ ઉભી છે, હજી સમાજના અંતરાય કર્મનો ઉદય બાકી છે અને અસહકાર રૂપી તપ કંઇ અપૂર્ણ રહ્યો હોય તેમ લાગે છે જેથી અખીલ ભારતના જૈનોએ યાત્રા ત્યાગ જારી રાખવો અને ધ્યાન, તપ, પ્રાર્થના વગેરે વિશેષ પ્રકારે કરવી.

---

**લાભ લીધો**—ભાવનગર શેઠ આણંદજી પુરશોતમદાસ ઔષધાલયમાં ગયા ફાગણ માસમાં નીચે મુજબ દર્દીઓએ લાભ લીધો છે.

| | | | |
|---|---|---|---|
| સાધુ સાધ્વી | ૮૯ | જૈનેતર | ૧૨૮૩ |
| શ્રાવક | ૫૬૫ | બાળક | ૧૦૩૨ |
| શ્રાવિકા | ૬૩૮ | | |
| | | કુલ | ૩૬૦૭ |

---


### છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

### " गुरूतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્ત્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમાન યશોવિજયજી મહારાજ** છે ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહીં જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાના જિજ્ઞાસાપૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કરતાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિકસાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિ મહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. રૂા. ૩–૮–૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાં મળી શકશે. **લખો શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનંદ.

“ આનંદ એ પરમાત્માનું પરમ સ્વરૂપ છે. એક તારાના પ્રદેશમાંથી બીજા-પર પ્રવેશ આદરતી વેળાના તેના ભવ્ય દિવ્ય સંચલનનો આનંદ કંઇક અનેરોજ છે. સૃષ્ટિક્રમમાં જ્યોતિર્ગોળ ગબડાવવાનો-ગોઠવવાનો તેનો જીવન્ત આનંદ પણ અદ્દભુત જ છે. તેનું સાકાર નિરાકારત્વે અલૌકિક આનંદલ્હાણુ લઇ રહે છે. તેના મૂળનું નાનકડું મરકલડું, તેનાં નેત્રની નાનકડી અમૃતરેખા, તેની સમસ્ત સૌંદર્યવતી પ્રતિભા પ્રભા-અજબ અજબ છે. વેદોએ નેતિ નેતિ કહ્યા તે વ્યાજબી જ છે. એ અવર્ણ્યનું વર્ણન કોણ કરી શકે ? તેમ તેના અવર્ણ્ય આનંદનું વર્ણન કેવી રીતે થઇ શકે ?

“જ્યાં જ્યાં જીવન ત્યાં ત્યાં આનંદ. જ્યાં જ્યાં આનંદ ત્યાં ત્યાં પરમાત્માનો વાસ. આખું વાતાવરણ કેવળ તેના સંગીતાનંદના રણકારે જ રમી રહ્યું છે. વાયુની પ્રત્યેક લહરીમાં લોક લોકાન્તરમાં પ્રસરી રહેલ જેની આનંદ છોળજ ઉછળી-ઉભરી રહી છે.

“ સ્નેહ, સત્ય, સૌન્દર્ય-એ આ આનંદના ત્રિવિધ અંગો છે, અને ઇશ્વર તે ત્રણે યંત્ર છે-ત્રણેથી ઓતપ્રોત છે-તે જાતે સ્નેહસાગર છે. તે જાતે સત્યનારાયણ છે, તે જાતે સૌન્દર્ય ધામ છે; અને આથી તે સચ્ચિદાનંદ છે. તેને જોવો, જાણવો ને અંતે પ્રવેશવો એ કંઇ ઓછું આહ્‍લાદક નથી.

“ મનુષ્યોને જાણ નથી એવાં અસંખ્ય સૃષ્ટિધામો આ પૃથ્વીની પાર છે, ને તેના સૌ પાલકોનો એ રાજાધિરાજ તે પરમાત્મા છે. નરી પ્રકાશપૂર્ણ તો તેની નગરી છે, નર્યો પ્રકાશપૂર્ણ તો તેનો દિવ્ય મહાલય છે, તે સર્વચક્ષુ ને સર્વશ્રોત્ર તે સર્વતો પાણિવાયુ સર્વત્ર વિશ્વવિશ્વાનીરમાં એકમદ્વિતીયમ્ રૂપે વિચરે છે-વિરહે છે. તે આનંદ પારાવાર પ્રકટાવી રહે છે. તેના આનંદમાંથી આનંદ જ સર્વત્ર પ્રસરે છે-પ્રકાશમાંથી પ્રકાશ જ સરે છે, તેમ ચંદ્રમાંથી ચંદ્રિકાને સૂર્યમાંથી સૂર્યતેજ પ્રસરે છે-પ્રકટે છે તેમ આનંદવિહોણી તેની દૃષ્ટિ જ નથી. જ્યાં જ્યાં આનંદ નથી ત્યાં ત્યાં તે નથી જ. તેની અમૃતમીઠી દૃષ્ટિ નથી. ઉંચો ને ભવ્ય આનંદ, આત્મિક ને પ્રેમાલ આનંદ તેને રૂચે છે, પરમ સેવાભાવી આનંદ તેને આનંદ છે, કૌટુમ્બિક આનંદ તે પોષે છે, સત્ય શ્રીમદ્ ઉર્જીત એ સર્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં તે ઉભેલ છે. મજુરની મજુરીનો આનંદે તેનો જ છે; કારણ તે જાતેજ અનન્ય સેવક છે. સાચો સ્વામી તેજ કે જે સાચો સેવક છે. તેના સ્વામિત્વનો આનંદ તેજ તેના સેવકત્વનો ઉલ્લસિત આનંદ છે.

“ તેની ધુંસરી નરમ છે. તે નરમ ધુંસરીને જે કોઇ ધારણ કરે છે-શાંતિથી અને બીન ફરીયાદે-તેનાં યોગક્ષેમ તે વહી રહે છે. વણ માગ્યાં અતીવ શ્રેયસ્કર મહાદાનોને જ સ્મરણમાં લાવીએ તોયે તેણે ઉપજાવેલો પ્રત્યેક ચિત્તને આનંદ નિરવધિ થઇ પડશે-આ પ્રાણ, આ આકાશ, આ પ્રકાશ, આ સૌ સૃષ્ટિસૌન્દર્ય, આ જીવની કાળ-પરંપરા. ”

સ્વ૦ કનુબ્હેન દવે.

For Private And Personal Use Only